# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા




प्राकट्य दिनके पावन अवसरपर सुन्दरसाथके समक्ष विराजमान श्री कृष्ण प्रणामी धर्मोपचार्य जगद्गुरु आचार्य श्री १०८ कृष्णमणिजी महाराज।

जनवरी २०१२

वर्ष ८४ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक १

www.krishnapranami.org



परम पूज्य आचार्य महाराजश्रीके ४९ वें प्राकट्योत्सवके उपलक्ष्यमें
श्री ५ नवतनपुरी धाममें आयोजित विविध कार्यक्रमोंकी झलक ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૮ નિજાનન્દાબ્દ : ૪૩૦ બુદ્ધજી શાકે : ૩૩૪

વર્ષ ૮૪ **જાન્યુઆરી ૨૦૧૨** અંક : ૧

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ *તથા* સ્વામી શ્રી લક્ષ્મણ ચૈતન્ય

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯, ૩૨૦૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtanpuri@gmail.com /& navtanpuri@krishnapranami.org**

**Website : www.krishnapranami.org / www.krishnadhamusa.org**


## નવા વર્ષની શુભકામના

આંતરરાષ્ટ્રીય કેલેન્ડરના આધારે વર્ષ ૨૦૧૨ નો આરંભ થયો છે. આપ સહુને નૂતનવર્ષાભિનંદન. આ વર્ષ આપ સહુને ઉન્નતિની તરફ લઈ જાય. આપ ભૌતિક તથા આધ્યાત્મિક બન્ને પ્રકારે લાભ પ્રાપ્ત કરી પોતાના જીવનને ધન્ય બનાવો.

આ વર્ષ ધર્મ પ્રચાર-પ્રસાર માટે ખૂબ જ શુભ મનાશે. આ વર્ષે 'શ્રી કૃષ્ણ' ટી.વી. ચેનલ આંરભ થઈ રહી છે. આપ સહુને પુનઃ નૂતનવર્ષાભિનંદન.

# ભક્તિ સાધના

## જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

શરીર, ઇન્દ્રિયો, મન તથા અંતઃકરણની વૃત્તિયોને નિયન્ત્રિત તથા નિયમિત કરવા માટે સાધના ખૂબ ઉપયોગી થાય છે. સાધના દ્વારા શરીર સ્વસ્થ રહે છે, ઇન્દ્રિયો નિયંત્રણમાં રહે છે, મન સહિત અંતઃકરણની વૃત્તિઓ શુદ્ધ થઈ એક દિશામાં લાગવા માટે યોગ્ય બને છે. સામાન્યજનોને એ ખ્યાલ હોય છે કે સાધના સિદ્ધિ માટે હોય છે. વાસ્તવમાં સાધના સિદ્ધિ માટે નહીં પરંતુ શુદ્ધિ માટે હોય છે. સાધના દ્વારા અંતઃકરણ શુદ્ધ થાય છે. જેમાં મનુષ્યને વિશિષ્ટ ક્ષમતા પ્રાપ્ત થાય છે તેને જ લોકો સિદ્ધિ કહે છે અને આવી જ સિદ્ધિ પ્રાપ્તિ માટે સાધના કરે છે.

સાધનાનો પ્રભાવ જન્મ જન્માન્તર પર્યન્ત રહે છે, એટલા માટે પૂર્વ જન્મમાં કરેલી સાધનાનું ફળ આ જન્મમાં પણ પ્રાપ્ત થાય છે. સાધનાથી સંસ્કાર બને છે. નિરંતર સાધના દ્વારા અંતઃકરણમાં પડવાવાળી છાપને જ સંસ્કાર કહે છે. સારા વિચાર તથા સારા કાર્યોથી સારા સંસ્કાર બને છે અને ખરાબ કાર્યો થતા ખરાબ વિચારોથી ખરાબ સંસ્કાર બને છે. કેટલાક વ્યક્તિ બાલ્યકાળથી જ સદ્વૃત્તિવાળા હોય છે. કોઈની પણ પીડા જોઈને તેમનું હૃદય દ્રવિત થઈ જાય છે. તેમનામાં પરમાત્મા પ્રત્યે પણ સ્વાભાવિક શ્રદ્ધા હોય છે. આ બધા લક્ષણ પૂર્વ જન્મના સુસંસ્કાર અર્થાત્ સારી સાધનાની તરફ સંકેત કરે છે. આ જ રીતે કેટલીક વ્યક્તિ બાલ્યકાળથી જ ક્રૂર, કપટવૃત્તિવાળા હોય છે. આવી વૃત્તિ તેમના પૂર્વ જન્મના કુસંસ્કારોની તરફ સંકેત કરે છે. પૂર્વજન્મના સારા-ખરાબ સંસ્કાર અંતઃકરણમાં અંકિત રહે છે અને આ જન્મને પણ પ્રભાવિત કરે છે. એટલા માટે પૂર્વજન્મના કુસંસ્કારોને દૂર કરવા માટે સાધનાની ખૂબ આવશ્યકતા રહે છે. જે વ્યક્તિ સાધનાનું મહત્ત્વ સમજે છે તે એના તરફ ઉન્મુખ થાય છે. નહીં તો અનેક વ્યક્તિઓને આ વિષયમાં કંઈ પણ જ્ઞાન નથી હોતું જેથી તેમને જીવનની દિશા જ પ્રાપ્ત થતી નથી. એટલા માટે તેઓ માનવ હોવા છતાં પણ પશુ જેવો વ્યવહાર કરે છે. સાધનાના મહત્ત્વને સમજવા માટે સત્સંગની આવશ્યકતા હોય છે. સંત ગુરુજનોના સત્સંગના દ્વારા માનવને જીવનની સાચી દિશા પ્રાપ્ત થાય છે. તેનાથી તેમની દશા બદલાઈ જાય છે.

ઉદાહરણ માટે લોખંડના એક ટુકડાને લઈએ લોખંડના ટુકડાને ચુંબકની સાથે એક જ દિશામાં ઘસવા લાગીએ તો તે પણ ચુંબકીય ગુણ પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયામાં ચુંબકથી લોખંડના ટુકડામાં ચુંબકીય શક્તિ જાતી નથી પરંતુ ચુંબકની સાથે એક દિશામાં ઘર્ષણ થવાથી લોખંડના ટુકડાના અણુ પરમાણુઓને એક દિશા પ્રાપ્ત થાય છે. શક્તિ તો તે જ અણુઓમાં હોય છે, પરંતુ તેઓ એક દિશામાં ન હોવાથી સંગઠિત થઈ શક્તા નથી.ચુંબકના સંસર્ગથી તેમને એક દિશા પ્રાપ્ત થાય છે જેથી તે અણુઓની શક્તિ પ્રગટ થાય છે. આ રીતે સામાન્ય લોખંડ ચુંબક બની જાય છે.

આ રીતે મનુષ્યના અંતઃકરણની વૃત્તિઓ, જે ચારેય દિશાઓમાં ફરતી રહે છે તે સાધનાના માધ્યમ દ્વારા એક સાચી દિશા પ્રાપ્ત કરે છે. તેનાથી અપાર શક્તિ પ્રગટ થાય છે. તેને જ લોકો સિદ્ધિ કહે છે. આવી સાધના સદ્‌ગુરુના માર્ગદર્શનમાં થાય તો વ્યક્તિના અંતઃકરણની વૃત્તિયોને પરમાત્માની દિશા પ્રાપ્ત થશે જેથી વ્યક્તિ પરમાત્માના દર્શન તથા અનુભવ પ્રાપ્ત કરી શકે. આને જ ભક્તિ સાધના કહી છે.

ભક્તિ સાધના દ્વારા આત્માની અનુભૂતિ થાય છે, પરમાત્માની અનુભૂતિ થાય છે અને પરમધામની અનુભૂતિ થાય છે. ભક્તિમાં સમર્પણ હોય છે. સમર્પણ પ્રેમથી જ સંભવે છે. એટલા માટે ભક્તિ સાધનાને પ્રેમ સાધના પણ કહી શકાય.

જે સાધકને પરમાત્માની દિશા પ્રાપ્ત થતી નથી અથવા જે સાધક પરમાત્માને લક્ષ્ય બનાવ્યા વગર સાધના કરે છે એવો સાધક અંતઃકરણની વૃત્તિયોને એક દિશામાં હોવાથી પ્રાપ્ત શક્તિને સિદ્ધિ માની એમાં જ મસ્ત રહે છે. તેઓ સાધનાના મુખ્ય ઉદ્દેશ્યથી વિચલિત થઈને ભૌતિક લાભ પ્રાપ્ત કરે છે. એટલા માટે ભૌતિક લાભ પ્રાપ્ત કરવા માટે જ કઠોર સાધના પણ કરે છે. તેમની સાધના પણ નિષ્ફળ થતી નથી પરંતુ જે સાધનાના દ્વારા પૂર્ણબ્રહ્મ પરમાત્માની અનુભૂતિ થઈ શકે એમ હોય તો તેનાથી માત્ર ભૌતિક લાભ પ્રાપ્ત કરી સંતુષ્ટ થઈ જવું અલ્પજ્ઞતા જ માનવામાં આવશે. એટલા માટે સાચા સાધકોએ પોતાની સાધનાનું લક્ષ્ય પરમાત્મા જ બનાવવા જોઈએ. બાહ્ય સાધનાથી ભૌતિક જગતનો લાભ પ્રાપ્ત થાય છે તો પ્રેમ સાધનાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. એટલા માટે મહાપુરુષોએ ભૌતિક સાધનાને મહત્ત્વ ન આપી પ્રેમ સાધનાનું જ મહત્ત્વ સમજાવ્યું છે અને તે માટે પ્રેરણા આપી છે. પ્રેમ સાધના માટે મહામતિ કહે છે,

**પ્રેમ ઐસી ભાંત સુધારે, ઠૌર બૈઠે પાર ઉતારે ।।**
**પંથ હોવે કોટિ કલપ, પ્રેમ પહુંચાવે મિને પલક ।।**
**પ્રેમ ખોલ દેવે સબ દ્વાર, પારકે પાર પિયાકે પાર ।।**

અંતઃકરણની શુદ્ધિ થયેથી હૃદયમાંથી પ્રેમ પ્રગટ થાય છે. પ્રેમમાં એટલી શક્તિ હોય છે કે તે આત્માને આ શરીરમાં રહેવા છતાં પરમધામનો અનુભવ કરાવી શકે છે. બાહ્ય સાધનાઓ કરોડો પ્રયત્નો કરવા છતાં પણ પરમાત્માની અનુભૂતિ નથી કરાવી શક્તા. જ્યારે પ્રેમ સાધના ક્ષણમાત્રમાં અનુભવ કરાવે છે. એટલા માટે એની સર્વોપરિતા બતાવવામાં આવી છે. પ્રેમ સાધના દિલની સાધના છે. જ્યાં સુધી દિલની સાધના થશે નહીં ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિ થશે નહીં. મહામતિ કહે છે,
**તોલો ના પિઉ પાઈએ, જોલો ન સાધે દિલ ।**

અહીંયાં દિલની સાધનાનું તાત્પર્ય છે હૃદય સુધી પહોંચવું. શરીરમાં પ્રેમ પ્રગટ થવાનું સ્થાન હૃદય છે. અંતઃકરણની અશુદ્ધિ આપણને હૃદય સુધી પહોંચવા દેતી નથી. સાધના દ્વારા જેવી અંતઃકરણની શુદ્ધિ થાય છે તે જ સમયે આપણે હૃદયના ભાવને ગ્રહણ કરવા યોગ્ય બની જઈએ છીએ. હૃદય પ્રેમનો સ્રોત છે. તેમાં પ્રેમ જ પ્રેમ ભરેલો હોય છે. પરંતુ અંતઃકરણની અશુદ્ધિઓ આપણને પ્રેમના આ સાગર સુધી પહોંચવામાં નડતર રૂપ બને છે. સાધના દ્વારા આ નડતર દૂર થઈ જાય છે ત્યારે આપણે સ્વયંને હૃદયમાં મેળવીશું અર્થાત્ આપણું(આત્માનું) નિવાસ સ્થાન હૃદયને અનુભવીશું. હૃદયને આનંદમય કોષ પણ કહેવામાં આવ્યો છે. આત્માની ઉપસ્થિતને કારણે જ હૃદયમાં પ્રેમ ભરેલો હોય છે. પ્રેમનું મૂલસ્રોત તો પૂર્ણબ્રહ્મ પરમાત્મા છે. આપણે તેમના આનંદ અંગ હોવાથી આપણું સ્વરૂપ પણ પ્રેમનું જ છે. નશ્વર શરીરના હૃદયમાં રહેવાને કારણે આપણી ઉપસ્થિતિને લીધે હૃદય પ્રેમથી પરિપૂર્ણ થઈ જાય છે. જ્યારે આપણે દેહભાવથી ઉપર ઊઠી આત્મભાવનો અનુભવ કરવા લાગીશું ત્યારે આપણને આપણી વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન થવા લાગશે. આને જ દિલની સાધના કહેવામાં આવી છે. જે રીતે આ હૃદય આત્માનું સ્થાન છે તેવી જ રીતે એ પરમાત્માનું પણ સ્થાન છે. પરમાત્માનું સ્વરૂપ પણ આમાં જ અંકિત થાય છે.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ બ્રહ્માત્માઓના હૃદયને જ પરમધામ કહ્યું છે અને બ્રહ્માત્માઓને ધામહૃદયા કહ્યું છે. એનું તાત્પર્ય એ છે કે બ્રહ્માત્માઓ પોતાના હૃદયમાં

પોતાના ધણી પૂર્ણબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ અંકિત કરે છે. તેઓ હંમેશાં પોતાના ધણીના સાન્નિધ્યનો અનુભવ કરે છે. તેમના હૃદયમાં જ ધામધણીનો વાસ રહે છે.

સાધનાનો મુખ્ય ઉદ્દેશ્ય હૃદયને ધામ બનાવવાનો છે. આ પ્રેમથી જ સંભવ છે. પરમાત્મા પ્રત્યે અતિશય પ્રેમને ભક્તિ કહેવામાં આવી છે. ભક્તિ અને પ્રેમમાં તાત્ત્વિક અંતર નથી. પ્રેમ સાધના અને ભક્તિ સાધનાને એક જ માનેલ છે. જેના હૃદયમાં પરમાત્માનો વાસ હોય છે તે જ ભક્તે પોતાની સાધનાનું બરાબર ફળ પ્રાપ્ત કર્યું એવું માનવામાં આવે છે. એટલા માટે આપણે બાહ્ય સાધનાની અપેક્ષાએ ભક્તિ સાધના કે પ્રેમસાધનાની તરફ અધિક ધ્યાન આપીએ અને પોતાના હૃદયમાં પરમાત્માના સ્વરૂપને અંકિત કરી એને પરમધામ બનાવીએ.

---

# શ્રી ૫ નવતનપુરીધામ ખીજડા મંદિર ટ્રસ્ટ, જામનગર

# ખાસ અગત્યની સૂચના

**આ ટ્રસ્ટને આપવામાં આવતી દાનની રકમ ઈન્કમ ટેક્સ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ઈન્કમ ટેક્સ માંથી માફીને પાત્ર છે.**

**ઈન્કમ ટેક્સ એકટ ૧૯૬૧ની કલમ ૮૦(જી)(૫) અન્વયે આ ટ્રસ્ટને ઈન્કમટેક્સ કમિશ્નર, જામનગર તરફથી સર્ટિફીકેટ નં. II (6) / 80G(5) / 48-21/2010-11/ 2218, dt.20-12-11 કાયમી ધોરણે મળેલ છે. જેથી આ સંસ્થામાં તા.૧-૪-૨૦૧૧ થી આપવામાં આવેલી દાનની રકમ ૮૦(જી)(૫) અન્વયે ઈન્કમ ટેક્સ માંથી માફીને પાત્ર છે.**

# માનવતા પરમો ધર્મઃ

## બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ

આ ચરાચર જગત માનવ ધર્મથી વ્યાપ્ત છે. જગતની એવી કોઇ વસ્તુ નથી કે જેનો સ્વતંત્ર ધર્મ ન હોય. ચોરાસી લાખ યોનિઓમાં પણ માનવ સર્વ શ્રેષ્ઠ છે. કારણ કે તે જ્ઞાનવાન છે. આ કારણે શુભાશુભ કર્મનું કેન્દ્ર સ્થાન પણ માનવ જ રહે છે. શાસ્ત્રોમાં અશુભ કર્મના દંડનો ભાગીદાર પણ માનવને જ કહેલ છે. માનવ યોનિ કર્મયોનિ છે જ્યારે મનુષ્યેત્તર યોનિઓ ભોગ યોનિ છે. ધર્મની સૃષ્ટિ સાથે જ માનવ જીવનનો પ્રાદુર્ભાવ થયેલ છે. સંપૂર્ણ વિશ્વને માટે માનવતા શબ્દ તો સમાન જ રહે છે. પછી ભલે આપણે તેને માનવ સભ્યતા કહીએ યા સદાચારની સંહિતા કરીએ અગર તો શિષ્ટાચારનું સૂત્ર કહીએ અથવા તો માનવતા એ નામના મૂળ તત્ત્વના સ્વરૂપે તેને ઓળખીએ. પરંતુ એ તત્ત્વને જ ધર્મ એવું દિવ્ય નામ આપવામાં આવેલ છે. એક રીતે વિચારીએ તો વર્તમાન સમયમાં માનવજાતિ અત્યન્ત કટોકટીના કાળમાંથી પસાર થઇ રહી છે અને જો બીજી રીતે વિચારીએ તો માનવ જાતિને વિકસિત કરવા માટે, ધાર્મિક, નૈતિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે વિચારોનો અને ભાવનાઓનો ફેલાવો થવા લાગ્યો છે. આમ છતાં પણ વાસ્તવિક વિકાસની રીતે જો આપણે વિચારીએ તો માનવતાના પરમ વિકાસ માટે નિરંતર વહેતો સ્રોત તો ફક્ત ધર્મ જ છે. સમજી શકાય એ રીતે કહું તો શ્રુતિ-સ્મૃતિ અને મહાપુરુષો વડે જેનું પ્રતિપાદન કરવામાં આવેલ છે તે માર્ગનું અનુસરણ, સદાચાર પાલન, પ્રત્યેક જીવ સાથે સ્નેહ, સદ્‌ભાવ, તથા કાયિક, વાચિક અને માનસિક પવિત્રતાયુક્ત આચરણ કરવું એ જ પરમ માનવ ધર્મ છે. તેને જ માનવતાના બીજા નામથી સંબોધવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિના સામાન્ય રીતે બે વિભાગ પાડી શકાય. આધ્યાત્મિક અને આધિભૌતિક. આધ્યાત્મિકતામાં એકાકાર થઇ જવું એ જ મનુષ્યનું અંતિમ ધ્યેય છે. ભૌતિકતામાં આત્મા પરમાત્માને સ્થાન નથી. બુદ્ધિથી પર રહેલા અનંત તત્ત્વના અસ્તિત્વનો એમાં સ્વીકાર નથી. આ ભૌતિકતાના અનુયાયીઓનું દૃષ્ટિબિંદુ વિશેષ રીતે ઐહિક ક્ષેત્રમાં કેન્દ્રિત થયેલું હોય છે. આ દુનિયાને સ્વર્ગ બનાવી તેમાં જ રચ્યા પચ્યા રહેવામાં તેઓ માને છે. આજના આ ભૌતિકવાદના યુગમાં મુદ્દાનો પ્રશ્ન એ રહે છે કે જો મનુષ્ય મનુષ્યની સાથે સદ્‌વ્યવહારનું આચરણ નહીં શીખે તો

બહુ થોડા જ સમયમાં તેઓ પરસ્પરની ખાઇઓ ખોદીને તેમાં પુરાય જશે કારણ કે અર્વાચીન સમયનું શિક્ષણ માનવને માનવતા તરફ ન લઇ જતાં દાનવતાની તરફ અગ્રેસર કરી રહ્યું છે. ધર્મવિહીન માનવ વડે થયેલું અણુ શસ્ત્રોનું નિર્માણ જાણે માનવ-ધર્મ સમાપ્ત કરવા માટે કટિબદ્ધ બન્યું હોય એવી પ્રતીતિ આપણને સૌને થઇ રહી છે. સંસારની પ્રત્યેક વ્યક્તિ જ્યારે એક જ પરમાત્માની સંતતિ છે તો પછી સમગ્ર પૃથ્વી વિશાળ પરિવાર જ બની રહે અને એમાં વળી પરસ્પર યુદ્ધનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે ?

માનવતા માનવ માત્રનો મૂલ મંત્ર છે. સૌ સાથે સ્નેહથી રહેવાનો પ્રથમ પાઠ માનવ ધર્મ જ શીખવે છે. માનવતા વસ્તુતઃ મનુષ્ય માત્રનો ધર્મ છે. "**वसुधैव कुटुम्बकम्**" ની ઉદાત્ત ભાવનાથી પૂર્ણ આ ભારતીય ઉચ્ચ આદર્શમાં જાતિ, વર્ણ, ધર્મ,સંપ્રદાય દેશ વગેરેની વિભિન્નતાને સ્થાન નથી. માનવતાના આદર્શ માટે માનસિક-ભૂમિ અત્યન્ત ઉંચે હોવી જરૂરી છે. માનવતાના પાલન-પોષણમાં જીવનની વાસ્તવિકતાનું શુદ્ધ સ્વરૂપ નિહિત છે. માનવતાના વિકાસ વિના કોઈ દેશની સભ્યતા કે સંસ્કૃતિ સાચો વિકાસ પામી શકતી નથી. માનવ જીવનની ઉપયોગિતા એમાં જ છે કે મનુષ્ય વિકાસની સાથે સાથે અખિલ વિશ્વના લોકો સાથે સુખ-શાંતિ અને પ્રેમથી રહે. પ્રાણી માત્રમાં રહેલો આત્મા એ પરમ પિતા પરમેશ્વરનો જ અંશ છે. દરેકમાં એક જ જગન્નિયંતાનું પ્રતિબિમ્બ દેખાય છે આવી સમજપૂર્વકની ભાવના સાથે મનુષ્યે મનુષ્ય સાથે પ્રેમ આદર અને સદ્ભાવનો વ્યવહાર રાખવો ઘટે . આ સદ્વ્યવહાર થકી જ આન્તરરાષ્ટ્રીય, રાજનૈતિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક ભાવનાઓનો સાચો વિકાસ થઈ શકે છે.

"**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः**" । આ સર્વવિધ માંગલ્યના આચરણમાં જ શાસ્ત્રકારોએ વાસ્તવિક રીતે માનવતાનું નિરૂપણ કર્યું છે. મહર્ષિ વ્યાસજી સત્યનો ઉદ્ઘોષ કરતા કહે છે.

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥**

સંપૂર્ણ માનવ-ધર્મનું તત્ત્વ એક જ છે કે જે આપણને પ્રતિકૂળ લાગે (સારું ન લાગે) એવું આચરણ બીજા પ્રત્યે આપણે ન કરવું જોઇએ. આવી વ્યક્તિ માનવતાને પોતાનો ધર્મ બનાવી શકે છે. માનવ-ધર્મ અર્થાત્ માનવતાની પ્રાપ્તિ માટે સંયમ, વિવેક, આધ્યાત્મિકતા અને નૈતિકતાનું પરમ બળ હોવું આવશ્યક છે.

પ્રાચીન તથા અર્વાચીન સંત-મહાત્માઓએ માનવધર્મની રક્ષા અને તેની પ્રગતિ માટે આ પૃથ્વીમાં આવીને, વિવિધતાભર્યાં વિધાનો કર્યાં અને તેના પ્રચાર માટે પુરુષાર્થ

પણ કર્યો છે. એ મહાપુરુષોએ કોટિશઃ માનવોના ઉદ્ધાર માટે એક માત્ર માનવ ધર્મનો જ પ્રચાર કર્યો. લોકકલ્યાણ અને લોકસંગ્રહને માટે એક જ શ્રેયસ્કર માર્ગ પ્રતીત થાય છે અને એ માર્ગ છે માનવીય ધર્મનો વિકાસ અને તેનું પૂર્ણતઃ પરિપાલન.

અનંત શ્રી મહાપ્રભુ પ્રાણનાથજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ આદિ મહાપુરુષોએ માનવ ધર્મ અર્થાત્ બીજા શબ્દોમાં કહું તો માનવતાના પ્રચાર સાથે માનવ સેવાર્થે પોતાનું જીવન સમર્પી દીધું. દેશદેશાન્તરમાં પરિભ્રમણ કરી માનવ જગતને કલ્યાણનો માર્ગ ચીંધીને તે પથ પર ચાલવાનો પૂર્ણ આગ્રહ કરી માનવ ધર્મનું આપણા માટે નિરૂપણ કરી આપેલ છે. તેઓએ એક જ ઉપદેશ આપ્યો કે પરમ પિતા પરમાત્માના દરબારમાં માનવ માત્ર સમાન છે અને દરેકે છલ, કપટ, પાખંડ, અભિમાન વગેરે છોડીને પ્રેમભાવથી રહેવું જોઈએ. કોઈની સાથે ભેદભાવ ન રાખવો. જ્યાં ભેદની દુનિયા ખડી થાય છે, ત્યાં ભય ઉત્પન્ન થાય છે. જયાં ભેદ છે ત્યાં જ ભય છે. માટે ભયથી મુક્ત રહો.

વર્તમાન સમયમાં જોઈએ તો માનવ એક પ્રકારની દુઃખી અવસ્થામાં અર્થાત્ દુઃખગ્રસ્ત થતો જાય છે. તેનું કારણ છે સંયમ અને માનવ ઉચિત યોગ્યાયોગ્ય વિવેક શક્તિનો અભાવ. આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે કે ૮૪ લાખ યોનિમાં એક માત્ર મનુષ્ય યોનિ જ એક એવી યોનિ છે કે જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. માનવ જીવનની મહત્તા દર્શાવતાં મહામતિ શ્રીપ્રાણનાથજીએ વાણીમાં કહ્યું છે કે,

વાસ્તવિકતાથી જોઇએ તો વિચારવાન માનવને એક વિચાર આવે કે શું માનવ જીવનમાં માનવતાની ઉપયોગિતા ખરી ? તેના જવાબમાં ના, ન કહેવી એ જ અત્યુત્તમ છે. કારણ કે માનવતા મનુષ્યની યાદને અમર બનાવે છે. માનવને તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. માનવને દિવ્ય ગુણો પ્રદાન કરી પરબ્રહ્મનું સાન્નિધ્ય સમર્પે છે. માનવીય સમાજમાંથી જો માનવતાને આપણે પૃથક્ કરી લઇશું તો આપણા માટે બાકી શું રહેશે ? કાંઇ નહીં ફક્ત પશુઓનો સમૂહ જ.

આપણા પૂર્વજોએ માનવતાના પ્રત્યેક અંગને પોતાના દૈનિક જીવનમાં આચરણ વડે ચરિતાર્થ કરી જનકલ્યાણની ઉદાત્ત ને અનુપમ સુવાસ પ્રસરાવી હતી. આપણું પણ ઋણ સાથે કર્તવ્ય છે કે આ માનવતાની સૌરભથી પૂર્ણ એવા માનવીય ગુણોને આપણે અપનાવીએ અને તેનું આચરણ કરી માનવ જીવનનું સાફલ્ય સિદ્ધ કરી લઈએ અને પ્રણામપૂર્વક પ્રાર્થીએ કે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણજી આ જગત ઉપર માનવતા રૂપી અમૃત વર્ષાવી રહી સુખ શાંતિ સાથે આધ્યાત્મિકતાથી પૂર્ણ માનવતાના સુખની પુનઃ પ્રતિષ્ઠા કરી રહે.

# લીલામૃત

## પ્રીત અને રીત - ૧

### કથા લેખક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, સદ્‌વિદ્યાલંકાર

(આ કાવ્યકથા 'પ્રેમસાધના' ના અનુસંધાનમાં ભક્તિની ચાર શ્રેણિઓની ચર્ચા સાથે ગોપીભાવ પ્રાપ્ત થયેલી પ્રેમવતી અને વિદ્યાવતીની કથાઓ જોઈ. એના જ અનુસંધાનમાં શરૂ થતાં આ 'લીલામૃત' વિભાગમાં શ્યામસુંદર અને ગોપીજનો સાથેની શ્રી કૃષ્ણની એકાન્ત લીલા સંબંધની અલૌકિક કથા રજૂ થાય છે.)

પ્રેમ કહો કે પ્રીત કહો નામ જુદાં છે, વસ્તુ એક જ છે. જે પ્રેમમાં કોઈ દિવસ ઓટ ન આવે અને નિત્ય વૃદ્ધિ થતી રહે તે પ્રેમ છે. પ્રેમમાં પ્રપંચને સ્થાન નથી. આવો પ્રેમ આપવામાં માને છે, લેવામાં માનતો નથી. **તત્સુખે-સુખીત્વમ્** પ્રેમીના સુખમાં જ પોતનું સુખ માને તે સાચો પ્રેમી છે. લૌકિકમાં એવો પ્રેમ સંભવાતો નથી, છતાં લયલા અને મજનૂનો પ્રેમ એ લૌલિક પ્રેમનો ઉચ્ચ આદર્શ પૂરો પાડે છે.

લયલા રાજકન્યા હતી અને મજનૂ ગરીબ વિધવા માતાનો પુત્ર હતો. બન્નેનો પ્રેમ અજોડ હતો. પરંતુ લયલાના પિતા બાદશાહને આ પ્રેમ માન્ય ન હતો. એણે પોતાની પુત્રીને અનેક રીતે સમજાવી પરંતુ લયલાએ મજનૂનું નામ ન છોડ્યું તે ન જ છોડ્યું. આથી બાદશાહે લયલાને એક કોટડીમાં પૂરી દીધી.

બિચારો મજનૂ ! **લયલા....લયલા** નો શબ્દોચ્ચાર કરતો શહેરની બજારમાં ભટકતો થઈ ગયો. લોકો એની મશ્કરી કરતા હતા, કોઈએ તેને ખબર આપ્યા. તારી લયલાને તો તેના બાપે કેદમાં પૂરી છે.

રડતાં-રડતાં મજનૂ કહી રહ્યો છે. કૃપા કરીને મને પણ કેદમાં પૂરી દો. મારી લયલા કેદમાં છે, ને હું ખુલ્લી હવામાં ફરી રહ્યો છું.

કહે છે કે લયલા કોઈ એવી સ્વરૂપવતી કન્યા ન હતી, કોઈએ એના પાછળ પાગલ બનેલા મજનૂને કહ્યું. અરે મજનૂ ! લયલા તો રંગમાં કાળી છે, એના કરતાં સ્વરૂપવતી કન્યાઓ તો તને મળી શકે છે, પછી શા માટે લયલાનું નામ છોડતો નથી ?

મજનૂએ જવાબ આપ્યો. લયલા કાળી નથી, તમારી નજર કાળી છે, **"લયલા કો દેખો મજનૂકી આંખોસે"** લયલાને જોવા માટે મજનૂની આંખો જોઈએ.

કોઈએ દયા કરીને મજનૂને બે પાકી કેરી આપી, તો મજનૂએ કહ્યું. આ બન્ને કેરીઓ કોઈ મારી લયલાને પહોંચાડો. એ ભૂખી હશે ત્યાં સુધી હું ખાઈ શકું નહિ.

કોઈએ મશ્કરીમાં મજનૂને કહ્યું. તારી લયલાને બાદશાહે દશ ચાબૂક મારવાની સજા કરી છે. ત્યારે આંસુ સારતાં મજનૂ બોલ્યો. બાદશાહ સલામતને મારા વતી અરજ કરો કે લયલાન બદલે મને ભલે વીસ ફટકા લગાવે. મારી લયલા એ દશ ફટકા સહન કરી શક્શે નહીં.

લયલા કેદમાં પડી પડી પોકાર કરે છે. **મજનૂ...મજનૂ....મજનૂ....** ત્યારે મજનૂ બોલી રહ્યો છે. **લયલા....લયલા....** લોકો એને પાગલ માનીને પથ્થર મારે છે, ત્યારે પણ એ લયલાનું નામ છોડતો નથી.

આનું નામ છે પવિત્ર પ્રેમ ! આજના પાગલ પતંગિયાઓ એ તો 'પ્રેમ' શબ્દને અભડાવી માર્યો છે. એવો પ્રેમ, પ્રેમ નથી પરંતુ વાસનાનો વંટોળ છે. પ્રેમ તો તેને જ કહી શકાય કે,

**મુહબ્બતકે જો કેદી હૈ, કહાં ફરિયાદ કરતે હૈં ।**
**તડપતે હૈ સિસકતે હૈ, ઉસીકો યાદ કરતે હૈં ॥**

બહુ મોટા ભાગની લૌકિક પ્રીતિમાં રીતિને મહત્ત્વ આપવામાં આવે છે, સંસારના કહેવાતા પ્રેમીઓ પ્રીત અને રીતનો મેળ મેળવવા જતાં ગોથું ખાઈ જાય છે અને ત્યારે એનો લૌકિક પ્રેમ ક્ષણિક બની જાય છે. પ્રીતિ ક્ષીણ બનતાં માત્ર રીતિ બાકી રહી જાય છે.

સુકાયેલા જલ વિનાના એક સરોવર પાસેથી પસાર થતાં ગુરુએ શિષ્યોને પ્રશ્ન કર્યો. ''પ્રીત મોટી, કે રીત ?''

ચાર શિષ્યોમાંના ત્રણ શિષ્યોએ કહ્યું. રીત વિના પ્રીત શોભી શકે નહિ, માટે પ્રીત કરતાં રીત મોટી ગણાય.

ત્યારે એક શિષ્યે જવાબ આપ્યો. ગુરુદેવ, રીતનું કોઈ સ્થાન જ નથી, રીતને અનુસરનારા પ્રીતને પિછાણી પણ ન શકે. રીતમાં વ્યાપારવૃત્તિ છે, એમાં દેવાનું ઓછું અને લેવાનું વધારે હોવાની વાસના છે, વર્તમાનમાં કે ભવિષ્યમાં કાંઈક મેળવવાની આન્તરિક અપેક્ષાથી જ આવી ઔપચારિક પ્રીત બતાવાતી હોય છે, ત્યારે બતાડવામાં ને આચરણમાં આકાશ જમીનનું અંતર છે.

ગુરુદેવે નિર્ણય આપતાં સમજાવ્યું, માત્ર બતાવવા પૂરતી(રીત પ્રમાણેની) પ્રીત એ લૌકિક રીત માત્ર છે. જ્યાં રીતની માગણી કરવામાં આવે, ત્યાં રીતનાં ઉપચાર વાળી એ પ્રીત પ્રપંચ બની જાય છે, આપણે એના નમૂનાઓ જોઈએ. સંતો અને શાસ્ત્રો કહે છે.

## (રાગ : જનની જોડ સખી)

**પ્રીતને સૌ ભાવથી પિછાણ જો રે લોલ, રીત મહિં પ્રીત ના સમાય જો ।**
**પ્રીત કરી રીતને જે માગશે રે લોલ, રીત ત્યાં પ્રપંચ બની જાય જો ।।૧ પ્રીતને સૌ...**

પ્રીત અને રીતનો પ્રકાર સમજી લેવો જોઈએ પ્રીતમાં દૈવી ભાવના જોડાયેલી છે, ત્યારે સ્વાર્થ માટે બતાવાતી પ્રીત એ રીત માત્ર છે. રીતની માગણી કરવામાં આવે ત્યાં એ રીત પણ પ્રપંચ બની જાય છે.

**પક્ષીઓ તળાવમાં કિલ્લોલતાં રે લોલ, (પણ) તાપ થકી જલ જો સૂકાય જો ।**
**જેનો આધાર છે વિશ્રામમાં રે લોલ, દુઃખ પડયે સૌ ઉડી જાય જો ।।૨ પ્રીતને..**

તળાવને કિનારે કિલ્લોલ કરનારા અને નિરંતર વસનારા હંસ, કારંડવ, સારસ અને બગલા જેવા અનેક પક્ષીઓ પણ ગ્રીષ્મઋતુમાં એ તળાવ સૂકાઈ જતાં તેનો ત્યાગ કરીને બીજે ચાલ્યાં જાય છે.

**સ્વાદનાં શોખીન ઘણાં પક્ષીઓ રે લોલ, વૃક્ષોમાં કરતાં વિલાસ જો ।**
**ખૂટ્યાં ફળો ને સહુ ઉડીયાં રે લોલ, વૃક્ષો નાખે છે નિઃશ્વાસ જો પ્રીતને સૌ ।।૩ પ્રીતને..**

વૃક્ષોમાં ફળો હોય, ત્યાં સુધી તો કોયલ, પોપટ, મેના અન્ય સ્વાદ લેનારાં પક્ષીઓએ વૃક્ષ પર આનંદ કરે છે, પરંતુ તેનાં ફળો ખૂટી જતાં બધાં પક્ષીઓ વૃક્ષને નિરાધાર એકલું છોડીને ઊડી જતાં હોય છે. ઉજ્જડ વૃક્ષનો કોઈ આશ્રય પણ કરતું નથી.

**સત્તા મળે ને સૌ ટોળે વળે રે લોલ, ચમચા ઘણાને પાત્ર એક જો ।**
**સત્તાનું પાત્ર છીનવાઈ જતાં રે લોલ, ઠોકરે ચડાવતા દરેક જો ।। ૪ પ્રીતને....**

ચૂંટણીની ચટણી ચાટીને સત્તાનાં સૂત્રો હાથમાં આવતાં વાર જ એક પાત્ર પર અનેક ચમચાઓ માખણ ચાટવા ટોળે વળે છે, પરંતુ એ સત્તા છીનવાઈ જતાં એ ઠણઠણતું ઠાલું પાત્ર દરેકની ઠોકરે ચડે છે અને અંતે ભાંગી ફૂટી જાય છે, ત્યારે એ પાત્રને રીપેર કરવા કોઈ ચમચાઓ કામ લાગતા નથી ! અને એવા ઠણઠણતા ઠાલા પાત્ર સામે એ ચમચાઓ નજર પણ શા માટે કરે ?

**કાજીની કૂતરી મરી જતાં રે લોલ, રડવા આવે છે આખું ગામ જો ।**
**કાજી મટીને માંદો પડે રે લોલ, (ત્યારે) દુરથી હસે છે તમામ જો ।। ૫ પ્રીતને...**

કાજી(ન્યાયાધીશ)ની પાળેલી કૂતરી મરી જાય, તો આખું ગામ રડતું-રડતું સ્મશાન યાત્રામાં જોડાય છે પરંતુ ન્યાયાધીશ પદ છોડયા બાદ ન્યાયધીશ પોતે માંદો પડે કે મરી જાય, ત્યારે બધા દૂરથી  હસે છે, પરન્તુ એનો ખરખરો કરવા પણ કોઈ ફરકતું નથી.

**ગણિકાની રીત તો પ્રખ્યાત છે રે લોલ , ઉપરનો પ્રેમ તો અપાર જો ।**
**ખરચી ના હોય જો ખીસા મહીં રે લોલ , તરત  મળે છે તિરસ્કાર જો ।। ૬ પ્રીતને....**

ગણિકાની બનાવટી પ્રીત તો જગજાહેર છે. જો ખીસાં પાકીટ ખાલી હોય તો એ તિરસ્કાર કરે છે.

**લીલુડાં વનનાં એ પ્રાણીઓ રે લોલ , વનમાં કરે છે વિશ્રામ જો ।**
**દવમાં એ વન સળગી જતાં રે લોલ, કરતાં સૌ બીજે આરામ જો ।। ૭ પ્રીતને...**

લીલાછમ વનમાં મૃગલાઓ અને અન્ય નાનાં મોટાં પ્રાણીઓ આરામથી જીવન ચલાવે છે પરંતુ દૈવયોગે એ વનમાં આગ લાગી જાય તો એ વનને છોડીને સૌ બીજા વનમાં ચાલ્યા જાય છે એટલા માટે શાસ્ત્રકારોએ અને સંતોએ પ્રીતના પ્રકાર સમજાવ્યા છે.

**કૌતુક ને કામ ભેદ પ્રેમથી રે લોલ, પ્રીતના એ ચાર છે પ્રકાર જો ।**
**પહેલાંના ત્રણ તો પ્રપંચ છે રે લોલ, ચોથી પ્રીતિ નિર્વિકાર જો ।। ૮ પ્રીતને.....**

લૌકિક પ્રીતિને સાચી પ્રીતિ સમજવાની ભૂલ થવા ન પામે એટલા માટે તેના પ્રકારો અહીં સમજાવવામાં આવ્યા છે. તેમાંના પ્રથમના ત્રણ પ્રકારો તો પ્રીતના દંભનો અંચળો ઓઢાડેલી રીત માત્ર છે. લોકો એને પ્રીતનું નામ આપીને પ્રપંચમાં ફસાવી દે, એટલા માટે તેને અહીં વિસ્તારથી સમજાવવામાં આવે છે.

**૧. કૌતુકપ્રીતિ :** કેટલાક લોકો ચમત્કારિક ભ્રમજાળવાળી જાહેરાતો કરીને કે પોતાના સ્વાર્થી પ્રશંસકો દ્વારા પ્રચાર કરાવીને કે તેવા મિથ્યા પ્રચાર તરફ આંખમીંચામણાં કરીને પ્રીતિ કરે છે, કે કરાવે છે. આવી પાખંડમય પ્રીતિને કૌતુકપ્રીતિ કહેવામાં આવે છે. એનાથી બચવા માટે કૃષ્ણાશ્રય નામના ગ્રંથમાં **પાખંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ** કહીને એક માત્ર શ્રી કૃષ્ણને જ શરણે જવાનો આદેશ આપ્યો છે.

**૨.કામપ્રીતિ :** આવા અનેક લોકો ધન, સત્તા અથવા ભવિષ્યમાં કે વર્તમાનમાં કોઈ મોટો લાભ ખાટવા માટે પ્રથમથી જ આવી બનાવટી પ્રીતિ બતાવે છે અને ઉપરથી પોતે નિઃસ્વાર્થ હોવાનો દંભ કરે છે. આવા પાખંડી લોકોથી બચવા માટે શાસ્ત્રકારોએ **લાભપૂજાર્થ યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ** અર્થાત્ વર્તમાન કે ભવિષ્યના લાભ માટે પૂજવા માટે કે અન્ય ધનપ્રાપ્તિ આદિ માટે બનાવટી પ્રેમ બતાવવાના પ્રસંગમાં પણ શ્રી કૃષ્ણને જ શરણે જવાની આજ્ઞા આપી છે.

**૩. ભેદપ્રીતિ :** પરસ્પરનો પ્રેમ દેખી નહિ શકવાના કારણે કે અમુક વ્યક્તિને પોતાના પક્ષમાં લાવવાના કારણે અથવા અન્ય ધર્મમાંથી પોતાના ધર્મમાં લાવવા માટે અને મદ્ય, બીડી, સીગારેટ જેવા વ્યસનો કે ચોરી જુગાર કે છળકપટમાં ભેળવવા માટે આવો બનાવટી પ્રેમ બતાવવામાં આવે છે. ઈતિહાસમાં આવી ભેદપ્રીતિના અનેક પ્રસંગો નોંધાયેલા છે. આવી ભેદપ્રીતિથી અનેકનાં જીવન બરબાદ થયાં છે. અનેક રાજ્યો પાયમાલ થયાં છે. આવી ભેદ પ્રીતિ પ્રપંચની જાળ સમાન છે. પ્રભુપ્રાપ્તિ ઈચ્છાનારે આવી ભેદપ્રીતિથી બચતા રહેવું જોઈએ.

ઉપરની ત્રણ પ્રકારની પ્રીતિ એ માત્ર નામની જ પ્રીતિ છે. વસ્તુતઃ આવી પ્રીતિ તો અમુક વ્યક્તિને ફસાવવા માટે જ બતાવવામાં આવે છે. તેનાથી બચતો રહેનાર જ આ લોક અને પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરી શકે છે. આવી ભેદપ્રીતિથી બચવા માટે ભક્તિ શાસ્ત્રમાં કહ્યું છે. **સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ** આવા પરસ્પર ફાટફૂટ પડાવીને મિથ્યા પ્રેમ દર્શાવનારા લોકોની ભેદપ્રીતિથી પીડા પામતા ભોળાજનોના માટે શ્રી કૃષ્ણ એજ ગતિ છે. હવે આચરવા યોગ્ય ઉત્તમ પ્રીતિને સમજવાનો પ્રયત્ન કરીએ.

**૪. શુદ્ધપ્રીતિ :** પ્રેમ રતિ પ્રીતિ કે સ્નેહ એ બધા શુદ્ધ પ્રેમના પર્યાય શબ્દો છે. તેનું સ્વરૂપ અવર્ણનીય છે. જે પ્રેમમાં સ્વાર્થ, છલ, કપટ કે દંભને સ્થાન ન હોય, તેવો પ્રેમ શુદ્ધ પ્રેમ કહેવાય છે. આવા પ્રેમને પરસ્પર નિભાવવો કઠિન છે. કારણ કે લૌકિકમાં આવા પ્રેમમાં વિકારને પૂરતો સંભવ છે. માટે જ સાવધાન બનવા માટે શાસ્ત્રકારો કહે છે,

**પ્રેમ અને દૂધને સંભાળવાં રે લોલ, એમાં જો લક્ષ્ય ના લેવાય જો ।**
**કપટ ખટાઈના વિકારથી રે લોલ, બન્ને જ બગડી જાય જો ।। ૯ પ્રીતને...**

પ્રેમને અને દૂધને યત્નપૂર્વક સંભાળવા જોઈએ. પ્રેમમાં કપટ અને દૂધમાં ખટાઈનો થોડો પણ અંશ આવી જાય તો તેમાં વિકાર ઉત્પન્ન થઈ જાય છે, પરંતુ તેમાં પણ જો,

**તેમાંયે પાત્ર તણા ભેદથી રે લોલ. પ્રીત તણું રૂપ પલટાય જો ।**
**શીલ ને સ્વભાવ સરખા મળે રે લોલ, તો તો એ દિવ્ય બની જાય જો ।। ૧૦ પ્રીતને...**

લૌકિક પ્રેમમાં પણ પાત્રના ભેદથી પ્રીતિનું રૂપ પલટાય છે. બન્ને પાત્રોમાં શીલ અને સ્વભાવમાં સમાનતા ન હોય, તો તેમાં નિઃસ્વાર્થ ભાવ રહેતો નથી. આથી તેમાં વિકૃતિ આવી જવાનો સંભવ છે. ભક્તિના માર્ગમાં તો સૌમાં સમાનભાવ **સમોડહં સર્વેભૂતેષુ** હોવાથી પરસ્પર ભગવદ્ભાવ લાવવો જરરી છે એવો ભાવ ન હોય. ત્યાં તો એ ભક્તિ પણ આડંબર બની જાય છે, પરંતુ યુગધર્મ અનુસાર લૌકિકમાં દિવ્યપ્રેમ આવવો દુર્લભ છે કારણ કે,

**રીતના પૂજારીઓ વિશેષ છે રે લોલ, એમની છે બગલાની પેર જો ।**
**ઉપર બતાવે ભભકા ઘણા રે લોલ, ભીતર ભર્યા વેર ઝેર જો ।। ૧૧ પ્રીતને...**

આજના જગતમાં રીતના પૂજારીઓની બહુમતિ છે, કારણ કે તેમનામાં વિશેષ કરીને બગલાના જેવી દંભ-આડંબર વૃત્તિ હોય છે. આવા લોકો પેકિંગ (લેબલ આંડબર)માં તો ખૂબ આકર્ષક હોય છે, પરંતુ થોડા સમય પછી તેમની કલઈ ખુલ્યા વિના રહેતી નથી. આવા પ્રેમને પ્રેમ કહી શકાય નહિ કારણ કે,

**પ્રેમ તો પ્રભુનું સ્વરૂપ છે રે લોલ, ઘટેઘટ વ્યાપક છે એ જ જો ।**
(પરંતુ) **યત્નથી પ્રગટ કરવું પડે રે લોલ, તિરોધાન પામેલું તેજ જો ।। ૧૨ પ્રીતને...**

પ્રેમનું તત્ત્વ તો ઘટેઘટમાં વ્યાપક પ્રભુનું સ્વરૂપ છે. હિંસક પ્રાણીઓ-સિંહ સર્પ અને વાઘ જેવામાં પણ પોતાના સ્ત્રી બાળકો ઉપર પ્રેમ છે. જો તેનામાં પ્રેમનું તત્ત્વ ન જ હોય તો વાત જુદી છે પરંતુ તેના તામસ ભાવમાં એ પ્રેમ તત્ત્વ ઢંકાયેલું હોય છે. પોતાના સ્ત્રી બાલકોમાં તેઓ પ્રેમને પ્રગટ કરે છે. આવા સંયોગોમાં તિરોધાન પામેલું(દબાઈ ગયેલું) તત્ત્વ પ્રગટ કરવું પડે છે તેના માટે સાત્વિક યત્ન કરવો પડે છે. દૃષ્ટાન્ત તરીકે,

**કાષ્ટમહીં ગુપ્ત વહનિવાસ છે રે લોલ, પ્રકટરૂપ એ નહિ દેખાય જો ।**
**અગ્નિના સંગમાં એ આવતાં રે લોલ, અગ્નિ પ્રત્યક્ષ પરખાય જો ।। ૧૨ પ્રીતને...**

લાકડામાં ગુપ્તરૂપે અગ્નિનો નિવાસ છે પરંતુ એ પ્રગટ દેખાતો નથી. અગ્નિના( કે ઘર્ષણના) સંસર્ગથી એ અગ્નિ પ્રત્યક્ષ દેખાય છે.

**એને નિવાસ 'અનલકાચ' મા રે લોલ, સૂર્યબિંબ સન્મુખ એ થાય જો ।**
**પાવક પ્રત્યક્ષ પ્રગટ થાય છે રે લોલ, પ્રક્રિયા પ્રસિદ્ધ ત્યાં દેખાય જો ॥ ૧૩ પ્રીતને....**

એ અગ્નિનો નિવાસ એક પ્રકારના અગ્નિકાચમાં ગુપ્ત છે. એ કાચને સૂર્યના સામે વ્યવસ્થિત ગોઠવવાથી એમાં અગ્નિ પ્રગટ થાય છે. આ પ્રક્રિયા અહીં પ્રત્યક્ષ દેખાય છે.

**મહેંદીમાં લાલી અદશ્ય છે રે લોલ, તેને પથ્થરથી પીસાય જો ।**
**જેટલી વિશેષ એ લઢાય છે રે લોલ, તેટલી પ્રત્યક્ષ લાલી થાય જો ॥ ૧૪ પ્રીતને....**

મેંદી(એક પ્રકારની વનસ્પતિ)માં ઉપરથી તો લીલાશ દેખાય છે, પરંતુ તેમાં ગુપ્તરૂપે લાલાશ સમાયેલી છે, એને જ્યારે બે પથ્થરની વચ્ચે પીસવામાં આવે છે. ત્યારે એમાંની લાલી પ્રગટ થાય છે. આ મેંદી જેટલી વધારે લઢાય તેટલી વિશેષ લાલી પ્રગટ થાય છે.

ઉપરના દૃષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે પ્રાણીમાત્રના હૃદયમાં પ્રેમસ્વરૂપે પ્રભુનો નિવાસ તો છે પરંતુ ભક્તિમાર્ગની(સેવા, સ્મરણ, સત્સંગ, દર્શન માટેના વિરહ તાપ) આદિ પ્રક્રિયાઓ દ્વારા એ પ્રેમ સ્વરૂપ પ્રભુ પ્રગટ થાય છે. આ પ્રક્રિયા જીવે પ્રયત્નપૂર્વક કરવી જોઈએ.

જો કે અહીં પ્રેમની પરિભાષા સંક્ષેપમાં આપવામાં આવી છે. એને વિસ્તારથી સમજવા માટે ગોપીપ્રેમ ગ્રન્થોનું અધ્યયન જરૂરી બને છે. વ્રજાંગનાઓના શ્રી કૃષ્ણ પ્રત્યેના દિવ્ય પ્રેમને સમજવા પૂરતી જ અહીં પ્રેમની વ્યાખ્યા કરવામાં આવી છે.

ગોપીજનોનો વિશુદ્ધ પ્રેમ તો આપણા જેવા સાધારણ જીવોથી સંપૂર્ણ રીતે વર્ણવી શકાય તેમ નથી. એમ છતાં માત્ર એટલું જ કહી શકાય છે.

**ગોપીઓનો પ્રેમ તો અખંડ છે રે લોલ, વ્હેતી અખંડ રસધાર જો ।**
**'મગલ' મોહનની એ પ્રીતનો રે લોલ, પામી શકે કોણ પાર જો ॥ ૧૫ પ્રીતને...**

ગોપીજનોનો પ્રેમ તો અખંડ અને અદ્વિતીય છે એ પ્રેમામૃત રસની અખંડધારા પરંપરા રૂપે આજે પણ વ્હેતી રહી છે. મનમોહનની એ પ્રીતિનો પાર

ભલા કોણ પામી શકે ? ઉપનિષદ્ તો કહે છે કે પ્રત્યેક પ્રાણીના હૃદયમાં રહેલો એ પ્રેમ પ્રગટ કોણ કરી શકે ? પરંતુ જે ભાગ્યશાલી જીવના ઉપર પ્રભુની પસંગી ઉતરે છે. (જેના પર પ્રભુ પરમ અનુગ્રહ **યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ** (કઠ. ૨-૩-૧૫) જે ભાગ્યશાલી જીવના ઉપર પ્રભુની પસંદગી ઉતરે છે, (જેના પર પ્રભુ પરમ અનુગ્રહ કરે છે) તેને જ આવા પરમ પ્રેમરૂપ પ્રભુની પ્રાપ્તિ થાય છે.

પ્રેમી પાઠકો ! આપણે પણ એ પરમ કૃપાલુ પ્રભુની કૃપા મેળવવાને પાત્ર બનીએ. આવી કૃપા (પસંદગી) મેળવવા માટે વિદ્યા, બુદ્ધિ, ધન, સત્તા કે શારીરિક શક્તિ ઉપયોગી નથી. જોઈએ છે એવો પરમપ્રેમ પ્રગટ કરવાની પ્રબળ ઈચ્છા અને આસુરી વૃત્તિઓનો પૂર્ણ ત્યાગ-પ્રભુની શરણાગતિ.

વ્રજાંગનાઓમાં એ દૈવી ગુણો હોવાથી જ પ્રભુએ તેમનું વરણ કર્યું છે. એટલું જ નહિ પરંતુ એ નાનકડો નટવર એને વશ બનીને અનેક બાલલીલાઓ કરી રહ્યો છે. આમાંની એક લીલા છે ચૌર્યલીલા ! એ ગોપીજનો જ પોતાના ઘરમાં લટકાવેલાં મટકાંઓમાંથી ચોરીને મટકાંઓને ફોડીને માખણ મેવા મીઠાઈ આરોગી જવાની ભલામણ કરે છે. પ્રણામ !

---

# શ્રી ૫ નવતનપુરી ધામ - જામનગરની વિવિધ સેવાઓ

| | | |
|---|---|---|
| ૫૦૦૧/- | દવાખાનાની સેવા | (માસિક) |
| ૨૫૦૧/- | ગૌશાળાની સેવા | (દૈનિક) |
| ૧૭૦૧/- | સાદી રસોઈની સેવા | (દૈનિક) ઉત્સવ સિવાય |
| ૧૧૦૦/- | ગોટા પારાયણની સેવા | (દૈનિક) |
| ૭૫૧/- | પારાયણની સેવા | (સાપ્તાહિક) |
| ૫૦૧/- | અખંડ દીપકની સેવા | (માસિક) |
| ૫૦૧/- | રાજભોગ(થાળભોગ)ની સેવા | (દૈનિક) |
| ૨૫૧/- | ધૂપ અગરબતીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | પાંચ આરતી માટે ઘીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | બાલભોગની સેવા | (દૈનિક) |

# શતં જીવેમ શરદઃ

રોજ નવો સૂર્યોદય થાય છે. રોજ વૃક્ષોમાં નવાં પાન પ્રગટે છે. રોજ પંખીઓ નવા ટહુકાર કરે છે. રોજ નવો દિવસ ઊગે છે. વીતેલી વાતોને વિસરી રોજ પ્રફુલ્લિત કેમ ન રહેવું ? વહેતી નદીમાં હાથ ઝબોળો એક ક્ષણમાં હજારો જલબિંદુ હાથને સ્પર્શી વહી જાય છે. સમયની રેતી એ રીતે સતત સરકતી રહે છે.

નિજાનંદ અને નાવીન્ય એ માનવીની નિરંતર તલાશ છે, આપણે બહુ સહજતાથી આજે Happy New Year બોલીશું પરંતુ નવા વર્ષમાં કૈંક વિશિષ્ટ અપેક્ષા રાખતા હોઈએ તો આપણે જિંદગીની ઘરેડને બદલવા તૈયાર રહેવું પડશે. હેપ્પીનેશ, આનંદ, ખુશાલી, મજા, નિજાનંદ એ આપણા સ્વભાવ અને સમજ સાથે જોડાયેલા છે.

આજથી વર્ષ ૨૦૧૨ નો આરંભ થઈ રહ્યો છે. Happy New Year ની આપલે થવા માંડી. એ બતાવે છે કે એકધારી જિંદગીમાં ઉજવણી માટે આપણે કેવા આતુર હોઈએ છીએ. ૧ જાન્યુઆરી ૨૦૧૨ નું અન્તરાષ્ટ્રીય નૂતન વર્ષનું સુ-પ્રભાત સમગ્ર વિશ્વમાં નવી આશા ચેતના અને ઉમંગ ઉલ્લાસ સાથે આવે ત્યારે લોકો એને વધાવવા-સત્કારવા અનેક રંગારંગ કાર્યક્રમો આયોજિત કરતાં હોય છે.

શ્રી ૫ નવતનપુરી ધામના પ્રાંગણમાં પણ આજે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના જન્મદિન પ્રસંગે અનેરા ઉત્સવનો હર્ષોલ્લાસ છવાયેલો છે. ભક્તિ સંગીતના સુમધુર સ્વરથી શ્રી ૫ નવતનપુરી ધામનું પરિસર ગૂંજતું હતું. સંતો વિદ્વાનો, ટ્રસ્ટીગણ, સુંદરસાથજીમાં પણ આજે આનંદ અને ઉત્સાહનું વાતાવરણ હતું. આ અતિ મંગલ પ્રસંગે અલગ-અલગ પ્રાંતો હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, દિલ્હી, મુંબઈ, પંજાબ, પશ્ચિમ બંગાલ, સિક્કિમ સહિત ગુજરાતના અમદાવાદ, સાબરકાંઠા, ખેડા, સૌરાષ્ટ્ર-કચ્છ, જામનગર વિભાગના ગામોમાંથી તેમજ નેપાળ તથા અમેરિકા વગેરે દેશોમાંથી સુંદરસાથજી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીને જન્મદિન પ્રસંગે શુભેચ્છા અર્પણ કરવા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હતા.

કાર્યક્રમનો શુભારંભ સંગીત મર્મજ્ઞ શ્રી મનીષાનંદજીના વધાઈ ગીતથી કરવામાં આવ્યો. ત્યારબાદ પ્રણામી વિદ્યામંદિરના બાળકો દ્વારા પણ સરસ

ભાવગીતથી ભક્તિવંદના કરવામાં આવી. આ પ્રસંગે સંતશ્રી અમૃતરાજજી શર્મા, શાસ્ત્રી લક્ષ્મણ ચૈતન્ય, શ્રી નારાયણ સ્વામી, શ્રી પુરુષોત્તમ શાસ્ત્રી, શ્રી રાજેન્દ્ર શાસ્ત્રી, શ્રી કૃષ્ણ શાસ્ત્રી, શ્રી તિલક પ્રણામી, શ્રી તીર્થરાજ ઓઝા(કાઠમાડૌં), પં. ભીમપ્રસાદજી વગેરે દ્વારા પૂજ્યપાદ આચાર્યશ્રીને શબ્દપુષ્પો દ્વારા શુભકામના અર્પણ કરવામાં આવી. નેપાળના ધર્મ પ્રચારક મંડળ તરફથી પૂજ્ય આચાર્યશ્રીનું અભિવાદન કરી અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યો.

શ્રી ૫ નવતનપુરી ધામના પૂજારીજીએ સર્વે સંતમંડળી વતી આચાર્યશ્રીનું ભાવસભર ભક્તિભાવથી પૂજન કર્યુ. ત્યાર બાદ શ્રી ૫ નવતનપુરી ધામના ટ્રસ્ટ્રીઓ શ્રી નવીનચંદ્ર પરીખ, શ્રી તુલસીદાસભાઈ ઠક્કર, શ્રી મનસુખભાઈ સંઘાણી તથા અમેરિકાથી પધારેલા શ્રી રમણભાઈ પટેલ, હિમાંશુભાઈ પટેલ, છગનભાઈ પટેલ, અશોકભાઈ એંજિનિયર, કાંતિભાઈ વેણાભાઈ પટેલ, ભોગીભાઈ, બાબુલાલભાઈ, ચંદુલાલભાઈ માધાભાઈ પટેલ, શ્રીમતી કાંતાબેન ઠક્કર(મુંબઈ) વગેરે દ્વારા શાલ તેમજ પુષ્પહારથી અભિવાદન-પૂજન કરવામાં આવ્યું. તેમજ આજના શુભદિનની ભોજન-પ્રસાદની સેવાના મનોરથી શ્રી પરેશભાઈ લાલજીભાઈ કોરાટ પરિવારના સદસ્યો દ્વારા પણ અભિવાદન કરવામાં આવ્યું.

શ્રી ૫ નવતનપુરી ધામના એક્ઝીક્યુટીવ ટ્રસ્ટ્રીશ્રી નવીનભાઈ પરીખ દ્વારા ૨૦૧૧ ના વર્ષ દરમિયાન થયેલી સંસ્થાની પ્રગતિનો અહેવાલ રજૂ કરી ભાવિ કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી.

૧) પ્રણામી વિશ્વ વિદ્યાલયની સ્થાપના માટે જમીન લેવાઈ ગયેલ છે. હવે ટીવી ચેનલ શરૂ થયા બાદ વિશ્વ વિદ્યાલયનું કાર્ય હાથ ધરવામાં આવશે.

૨) ઉ. પ્ર. ના મુઝફરનગર જિલ્લાના બૂઢાના તાલુકા મથકે મંદિર બાંધવા માટે શ્રી ૫ નવતનપુરી ધામને જમીન બક્ષીશમાં મળી છે. તેનો દસ્તાવેજ અને ભૂમિપૂજન થઈ ગયેલ છે. હવે નગરપાલિકા દ્વારા બાંધકામની મંજૂરી મળ્યા બાદ તરત બાંધકામ શરૂ કરવામાં આવશે.

૩) ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ કલમ ૮૦જી(૫) અન્વયે આપણા ટ્રસ્ટને તા. ૧-૪-૨૦૧૧ થી આપવામાં આવેલ દાનની રકમ ઈન્કમટેક્ષમાંથી માફીને પાત્ર છે. આ અંગેનું સર્ટિફિકેટ તાજેતરમાં ઈન્કમટેક્સ વિભાગમાંથી મળી ગયું છે.

૪) ટીવી ની સાથોસાથ પ્રચાર-પ્રસારના ઘણા માધ્યમો હોય છે. તે બધા દ્વારા

પણ પ્રસારણ કરી શકાય છે. તે હેતુથી **"પ્રણામી એજ્યુકેશન એલ. એલ. પી.પી"** ની સ્થાપના થયેલ છે. જેમાં કોઈ પણ સુંદરસાથ ડિપોઝીટ તરીકે રૂા. ૨૫૦૦૦/ ના પ્રમાણમાં ડિપોઝિટ મૂકી શકે છે, તેનું વ્યાજ પણ તેમને ચૂકવવામાં આવશે.

૫) આપ સહુને જાણ છે કે **'શ્રી કૃષ્ણ'** ટી.વી. ચેનલ આરંભ કરવાનું નક્કી થયેલ છે. હવે ટૂંક સમયમાં પ્રસારણ શરૂ કરવાની તારીખ જાહેર કરવામાં આવશે.

આ પ્રસંગે આશીર્વચન પ્રદાન કરતાં પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે, આંતર રાષ્ટ્રીય પંચાગના આધારે આજનો દિવસ વર્ષ ૨૦૧૨ નો પ્રથમ દિવસ છે. વર્ષના પ્રથમ દિવસના સૂર્યના નૂતન કિરણોનું દર્શન કરી આનંદિત થવા માટે વિશ્વના વિભિન્ન સ્થાનોમાં અનેક લોકો સૂર્યોદય દશ્યસ્થલે પહોંચે છે. આ શતાબ્દિ અથવા સહસ્રાબ્દિના પ્રથમ સૂર્યોદયના દર્શન કરવા માટે અનેક લોકોએ મહિનાઓ પહેલા યોજના બનાવી હતી. આ ઘટનાઓનું તાત્પર્ય એ છે કે મનુષ્ય નૂતનતાના દર્શન માટે લાલાયિત રહે છે. તેમનો આ સ્વભાવ આત્મ ભાવનાને વ્યક્ત કરે છે. આત્મા નિરંતર નવીનતાના દર્શન તથા અનુભૂતિની કામના કરે છે. અજ્ઞાની મનુષ્ય જડવત સંસારમાં નવીનતાનું દર્શન કરવા ચાહે છે અને જીવનભર પરિશ્રમ કરવા છતાં પણ અસફળ થઈ નિરાશા કે હતાશાની પીડાથી પીડિત રહે છે. એવામાં જ્ઞાની કે ભક્તજન આત્મદષ્ટિ દ્વારા પરમાત્માના દર્શન કે અનુભૂતિ પ્રાપ્ત કરી નિરંતર આનંદિત રહે છે.

આથી આ જાણ થાય છે કે નવીનતાની ખોજ આત્માની છે અને તે પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી જ તૃપ્ત થશે અન્યથા દેહભાવના દ્વારા સંસારના વિષયભોગની તરફ આકૃષ્ટ બનેલો મનુષ્ય જીવન ભર અતૃપ્તિનો અનુભવ કરતો હતાશ અને નિરાશાની સાથે મૃત્યુના મુખમાં ચાલ્યો જશે. મહાકવિ કાલિદાસ કહે છે, **ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ, તદેવ રૂપં રમણીયતાયા** જયાં ક્ષણ ક્ષણમાં નવીનતાના દર્શન થાય છે તે જ રમણીયતાનું સ્વરૂપ છે.

આપ વિચાર કરો, શું સાંસારિક પદાર્થો કે વિષય ભોગોમાં નૂતનતાના દર્શન થાય છે ? ક્યારેય નહીં, પૂર્ણબ્રહ્મ પરમાત્મા તથા પરમધામના દર્શન અથવા અનુભૂતિમાં જ હંમેશા નૂતનતાનો અનુભવ થાય છે. એટલા માટે પરમાત્માની અનુભૂતિ માટે જ નિરંતર ઉન્મુખ રહેવું જોઈએ. આજે વર્ષ ૨૦૧૨ નો પ્રથમ દિવસ પણ આપણને એ સંદેશ આપી રહ્યો છે. આપ બધા જુદા જુદા સ્થાનોથી પધાર્યા છો. બધા જન્મદિવસની વધાઈઓ આપી રહ્યા છો. આપ સહુને અનેકશઃ ધન્યવાદ તથા

સાધુવાદ પરંતુ જન્મ મૃત્યુ તો શરીરનો ધર્મ છે. આપણે આપણા અર્થાત્ આત્માના ધર્મનો ખ્યાલ રાખીએ. આ શરીર આત્મા માટે વાહન અથવા સાધન રૂપ મળેલું છે. એના સદુપયોગથી ભૌતિક ક્ષેત્રમાં પણ મોટા-મોટા કાર્યો થઈ શકે છે. દુનિયામાં અસંભવ કાર્યને પણ સંભવ બનાવવાની ક્ષમતાવાળું સર્વોત્તમ સાધન તો આ શરીર છે.

જુદા જુદા પ્રકારની સાધનાઓ દ્વારા એને યોગ્ય બનાવી અનેક મહાપુરુષોએ બ્રહ્માંડની અંદર પરિભ્રમણ કરી રહેલા નક્ષત્ર, તારાગણ વગેરેની ગતિ તથા ક્ષેત્રને માપ્યા અને આજે થવાવાળા ગ્રહણોને હજારો વર્ષ પૂર્વે તિથિ તથા વાર અને સંકમણ કાળ સહિત બતાવી દીધું. આ તો માત્ર એક નાનકડું ઉદાહરણ છે. આવા અનેક કાર્યો અન્ય સાધનોની સહાયતા વગર માત્ર આ શરીરના દ્વારા કરવામાં આવ્યા છે.

જે રીતે ભૌતિક વિજ્ઞાન માટે આ શરીર સર્વોચ્ચ ઉપયોગી સિદ્ધ થયું છે તે રીતે અધ્યાત્મ વિજ્ઞાન માટે પણ આ સર્વોત્તમ છે. આના દ્વારા આત્મા સ્વયંની પિછાણ કરી શકે છે. બ્રહ્મ અને બ્રહ્મધામની પિછાણ, દર્શન તથા અનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે. એને સાચી દિશા આપવી પડશે. એનાથી મોટા-મોટા અસંભવ કાર્ય પણ સંભવ થશે. જે રીતે ચુંબકની એક દિશામાં ઘર્ષણ કરવાથી લોઢાના ટુકડાના અણુ પરમાણુઓને એક દિશા મળે છે જેથી તે સામાન્ય ટુકડો પણ ચુમ્બકીય ગુણવાન બની જાય છે. એ જ રીતે યોગ્ય સાધના દ્વારા શરીરના ગુણ અંગ, ઈન્દ્રિયોને દિશા અર્થાત્ પરમાત્માની દિશામાં નિરંતર લગાવવાથી પરમાત્માની અનુભૂતિ થશે. આ કાર્ય સદ્‌ગુરુના માર્ગદર્શનમાં થવું જોઈએ. સદ્‌ગુરુ જ સાધકને યોગ્ય દિશા આપી શકે છે. તેઓ તેમના અંતઃકરણની વૃત્તિની જ નહીં પરંતુ આત્માને પણ પરમાત્માની દિશા પ્રદાન કરે છે. મહામતિ કહે છે,

**મહામતિ કહે ગુરુ સોઈ કીજે, જો અલખ કી દેવે લખ ।**
**ઈન ઉલટીસે ઉલટાય કે, પિયા પ્રેમેં કરે સનમુખ ।।**

**(કિરંતન)**

આપણે આ શરીરના દ્વારા પરમાત્માની અનુભૂતિ કરી શકીએ છીએ. પરમાત્માની અનુભૂતિ માટે એક માત્ર ઉપયુક્ત સાધન છે. એટલા માટે એનો સદુપયોગ કરવો જોઈએ. મહામતિનું કહેવું છે આ શરીર પરમાત્માની પ્રાપ્તિ માટે જ મળ્યું છે. આપણે એના દ્વારા ફક્ત ભૌતિક કાર્યો કરી એનો દુરુપયોગ કરી રહ્યા છીએ. તેઓશ્રી કહે છે,

**માનખે દેહ અખંડ ફલ પાઈએ ।**

અર્થાત્ મનુષ્ય જીવનના દ્વારા અખંડ ફળની પ્રાપ્તિ કરવી જોઈએ. પૂર્ણબ્રહ્મ પરમાત્મા અને પરમધામને જ અખંડ ફળ કહ્યું છે.

મહામતિ તો ત્યાં સુધી કહે છે કે આ શરીર દ્વારા શરીરમાં રહેતા હોવા છતાં(આ જીવનમાં) સ્વર્ગ, વૈકુંઠ, શૂન્ય, નિરાકાર તથા અખંડ પરમધામની અનુભૂતિ થઈ શકે છે. વ્યક્તિ પોતાની યોગ્યતા, પ્રાપ્ત જ્ઞાન તથા સમજના આધારે પોતાની દિશા નકકી કરે છે. અનેક વ્યક્તિ સ્વર્ગ, વૈકુંઠ કે શૂન્ય-નિરાકારની પ્રાપ્તિનું જ લક્ષ્ય રાખે છે. તેમને તેમાં જ સંતોષ છે. પરંતુ બ્રહ્મધામના આત્માઓ બ્રહ્મધામની અનુભૂતિ થવાથી જ  સંતુષ્ટ થાય છે. નશ્વર જગતના આત્માઓ(જીવસૃષ્ટિ) સ્વર્ગ-વૈકુંઠના સુખોની ઈચ્છા કરે છે તો બ્રહ્માત્માઓ પરમધામના આનંદ(બ્રહ્માનંદ)ની ઈચ્છા કરે છે. તેઓને બ્રહ્માંડના સુખોથી તૃપ્તિ થતી નથી. એટલા માટે તેઓ નિરંતર પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજી તથા પરમધામની જ ખોજ કરતાં રહે છે. કહ્યું પણ છે,

**ખોજ સુહાગિની ના થકે, જોલોં પાર કે પારૈ પાર ।**
**નિત ખોજે ચરની ચઢે, નએ નએ કરે વિચાર ।।**

**સુહાગિન તોલોં ખોજહી, જોલોં પાઈએ પીઉ વતન ।**
**પીઉ વતન પાએ બિના, વિરહા ન જાએ નિસ દિન ।।**

**(કલશ હિ. ૧૧/૮,૧૦)**

પૂર્ણબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ સુધી બ્રહ્મ આત્માઓ ખોજ કરતા રહે છે. એમની ખોજ તેમને નિરંતર ઉન્નત બનાવે છે. તેઓ પોતાના ધણીનું નિત્ય નૂતન ચિંતન કરે છે. પોતાના ધણી અને ધામને પ્રાપ્ત કર્યા વગર તેમનો વિરહ શાંત થતો નથી.

શ્રી રાજજીના દર્શનના સંદર્ભમાં મહામતિનું કથન છે કે શ્રી રાજજીનું સ્વરૂપ તેમના પ્રત્યેક અંગ, વસ્ત્ર-આભૂષણ વગેરેની શોભા મધ્યે જેના પણ દર્શન થાય તો તેમાં નિત્ય નવીનતાના દર્શન થાય છે. એક અંગની શોભાના દર્શન કરતાં કરતાં એવો અનુભવ થાય છે કે તેમના દર્શન કરતાં જ રહીએ. આમાં જ ક્ષણે ક્ષણે નૂતનતા(નવીનતા) દેખાય છે. આ રીતે શ્રી રાજજીના અંગ-ઉપાંગ, વસ્ત્રો, આભૂષણો અથવા પરમધામના કોઈ પણ દશ્યના દર્શન કરીએ તો તેમાં જ ક્ષણક્ષણમાં નવીનતા દેખાય છે. આપણે આ નિત્ય નવીનતાના દર્શન કરવા છે. આપણે વાસ્તવમાં આ જ દર્શન કરીને આવ્યા છીએ. એટલા માટે નશ્વર સંસારમાં

પણ હંમેશા નવીનતાને શોધીએ છીએ. આજનો દિવસ આપણને આ નવીનતાના દર્શન માટે પ્રેરણા આપે છે. મનુષ્ય શરીર આ નવીનતાના દર્શન માટે છે. આ રહસ્યને સમજી આપણે આપણા જીવનને ધન્ય બનાવીએ.

આશીર્વચનના અંતે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ કહ્યુ, આપ સહુ અહીંયાં શુભકામના માટે પધાર્યા છો, હું બધાને સાધુવાદ આપું છું. સૌના અંતઃકરણમાં પ્રેમ ભાવ તથા ભક્તિ પ્રગટ થાય, બધાના હૃદય પવિત્ર બને, બધાના હૃદયથી ધર્મ પ્રત્યે પ્રેમનો પ્રવાહ પ્રવાહિત થાય અને શ્રી ૫ નવતનપુરી ધામ પ્રત્યે બધાનો અનુરાગ વધતો જાય. આપનો પ્રેમ પ્રવાહ નવતનપુરી ધામની વિકાસ યાત્રાને સીંચવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે જેથી આગામી સેવાકાર્યો પુષ્પિત તથા ફલિત બને. એમના માટે આપણે બધા દૃઢ સંકલ્પ કરીએ.

પૂજ્યપાદ આચાર્યશ્રીના શુભાશિષ બાદ સમગ્ર સંતજનો, વિદ્યાર્થીવર્ગ, સુંદરસાથજી જામનગર શહેરના રાજકીય, સામાજિક, શૈક્ષણિક આગેવાનો તથા ભાવિક ભક્તજનો તથા પ્રણામી શૈક્ષણિક સંકુલના અધ્યાપકગણ તેમજ નેપાળથી આવેલ આગેવાન પ્રચારકો વગેરે દ્વારા આચાર્ય મહારાજશ્રીને પુષ્પો અર્પણ કરી જન્મદિનની હાર્દિક શુભકામના પાઠવી હતી.

જન્મદિનની પૂર્વ સંધ્યાએ ''ભજન સંધ્યા'' નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયક વૃંદે વાણી ગાયન, વધાઈ ગીત, ગુરુ વંદના, ભક્તિગીતો વગેરે સ-રસ રીતે પ્રસ્તુત કરી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીને જન્મદિનની શુભકામના-વધાઈ વગેરે સંગીતના માધ્યમથી અર્પિત કરી હતી. આ પ્રયોગ નવો હતો છતાં કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયો. ગાયકોએ ઉપસ્થિત સુંદરસાથજીને ભક્તિરસમાં તળબોળ કર્યા.

આ પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૧ સુંદરસાથજીએ રક્તદાન કરી પોતાની સદ્ભાવના તથા શુભકામના અર્પિત કરી. જામનગર શહેરની જી.જી. હોસ્પિટલના સહયોગ તથા પ્રિ. આશર સાહેબ તથા શ્રી ગણેશ ગુપ્તાજીની જહેમતથી આ કેમ્પ સફળતા પૂર્વક સંપન્ન થયો. બધાને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પ્રદાન કર્યા.

આ સમગ્ર કાર્યક્રમના જુદા જુદા વિભાગોમાં તન, મન તથા ધનથી યથાયોગ્ય સેવા કરવાવાળા બધા સંત, સુંદરસાથને શ્રી ૫ નવતનપુરીધામ તથા પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદ.

**- કનકરાય વ્યાસ**

# જિજ્ઞાસા

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તતત્ત્વદર્શિનઃ ॥**

(ગીતા ૪/૩૪)

આધ્યાત્મ જ્ઞાનનો માર્ગ બેશક કઠીન છે તેથી ભગવાન આપણને ખુદ તેમનાથી શરૂ થતી પરંપરાના સદ્ગુરુના ચરણ સેવવાની શીખ આપે છે. પરંપરાનો પુરુષ જ સાચો ગુરુ થઈ શકે, આદ્ય ગુરુ પરમાત્મા પોતે જ છે અને પરંપરાનો પુરુષ જ પોતાના શિષ્યને પરમાત્માનો યથાવત્ સંદેશ આપી શકે, કોઈ મનુષ્ય પોતે ઊભી કરેલી રીતે આધ્યાત્મનો સાક્ષાત્કાર કરી શકે નહીં. આજકાલ આ ફેશન થઈ પડી છે. ભાગવત કહે છે કે ધર્મ સ્વયં ભગવાને પ્રબોધ્યો છે. **ધર્મો હિ સાક્ષીત્ભગવત્પ્રતિપાદિતમ્ ।**

તેથી બૌદ્ધિક ચિંતન કે શુદ્ધ દલીલો કોઈપણ આધ્યાત્મિક જીવનની પ્રગતિ કરવામાં સહાયભૂત થઈ શકે નહીં, જ્ઞાન મેળવવા માટે મનુષ્યે ગુરુચરણે બેસવું જોઈએ, ગુરુનો સ્વીકાર સંપૂર્ણ શરણભાવથી કરવો જોઈએ અને પ્રતિષ્ઠાનો ખોટો દંભ(ખ્યાલ) રાખ્યા વગર ઘર ઘાટીની જેમ તેમની સેવા ચાકરી કરવી જોઈએ, આત્મજ્ઞાની ગુરુનો સંતોષએ આધ્યાત્મિક જીવનનની પ્રગતિનું રહસ્ય છે. જિજ્ઞાસા(ફરી-ફરી પ્રશ્નો પૂછવા તે) અને શરણભાવ(નમ્રતા) આ બેનો સુયોગ્ય સંયોગ આધ્યાત્મિક જ્ઞાનનું અંગ બને છે. નમ્રતા અને સેવા ન હોય તો જ્ઞાની ગુરુને પૂછેલા પ્રશ્નો અસરકારક નહીં નીવડે. શિષ્યે ગુરુની કસોટીમાંથી પાર ઉતરવું જોઈએ. જ્યારે ગુરુ શિષ્યમાં સાચી જિજ્ઞાસા જુએ છે ત્યારે તે શિષ્યને સાચું આત્મજ્ઞાન આપોઆપ આપે છે. આ શ્લોકમાં આંધળું અનુસરણ અને બેવકુફી ભરેલા પ્રશ્નો આ બેઉને વખોડી કાઢ્યા છે. મનુષ્યે ગુરુનો બોધ નમ્રતાપૂર્વક સાંભળવો જોઈએ,

એટલું જ નહીં પણ શ્રદ્ધાથી, વિવેકથી, નમ્રતાથી જિજ્ઞાસાથી અને સેવાથી તેમની પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ.

સદ્ગુરુ સ્વભાવથી જ શિષ્ય તરફ માયાળુ હોય છે. તેથી શિષ્ય જ્યારે નમ્ર, વિવેકી અને સદાય સેવા તત્પર હોય છે. ત્યારે જિજ્ઞાસા અને જ્ઞાનનો અરસ-પરસનો મેળ બરાબર જામે છે.

**ડૉ. જયેશ પી. પંડ્યા(જામનગર)**

# કલિયુગ ક્યાંથી આવ્યો ?

મરણપથારીએ પડેલા એક દરજીને એક વાર સ્વપ્નામાં યમલોક જોવામાં આવ્યો. આશ્ચર્ય સાથે તેણે યમરાજાના સિંહાસન તરફ જોયું તો ત્યાં કેટલાયે રંગ બેરંગી ટુકડાઓ લટકાવેલા હતા. દરજીએ પાસે ઊભેલા યમદૂતને પૂછ્યું.

આ રંગબેરંગી ધજાપતાકા અહીં શા માટે લટકાવેલા છે ?

તમારો ન્યાય કરવા માટે યમદૂતે જવાબ આપ્યો. એ બધા ટુકડાઓના તાંતણાની સંખ્યા ગણીને એટલાં હજાર વર્ષ સુધી તમને આ સામેના નરકમાં નાખવામાં આવશે.

હજારો લાખો જીવો એ નરકમાં તરફડી રહ્યા હતા, કેટલાએ તાજા મૃત્યુ પામેલા જાણીતા લોકોને પણ નરકમાં તરફડતા જોઈને દરજી તો કંપી ઊઠ્યો.

એણે મનથી જ યમરાજાને પ્રાર્થના કરી. હે પ્રભો ! મને જો જિંદગી આપવામાં આવે, તો હવે હું કપડાની ચોરી કરવી છોડી દઊં.

એટલામાં તો એનું સ્વપ્ન પૂરું થઈ ગયું, ધીમે ધીમે તેને આરામ પણ થવા લાગ્યો. દુકાનમાં જઈને તેણે પોતાના નોકરોને સ્વપ્નની બધી વાત અને પોતે કરેલી પ્રતિજ્ઞાની હકીકત કહી સંભળાવીને આજ્ઞા કરી.

હવે પછી મારી દાનત બદલે તો તમે ચેતાવી દેજો,

એક ચાલાક નોકર બોલ્યો. ગ્રાહકની રૂબરૂમાં અમે આપને કેવી રીતે ચેતાવીએ ?

તો એમ કરજો, દરજીએ વિચાર કરીને કહ્યું. તમારે રંગબેરંગી ધજા પતાકા શબ્દ બોલવો, એટલે હું સમજી જઈશ.

નિયમ પ્રમાણે નોકરોની ચેતવણીથી ચોરી થતી અટકી ગઈ, એક દિવસ કિમ્મતી લાલ રંગનું કપડું લઈને એક ઘરાક આવ્યો, ને દરજીની દાનત બગડી, એણે માપ લેતી વખતે જ એકાદ વાર કાપડ વધારે કાપવાની શરૂઆત કરી. નોકરે ચેતવણી આપતા કહ્યું.

રંગબેરંગી.......દરજીએ નોકરને અટકાવીને કહ્યું, અરે મૂર્ખ ! આ રંગની એક પણ ધજાપતાકા ત્યાં ન જ હતી.

આમ કહીને તેણે લાલ રંગની છૂટ લઈ લીધી અને પછી તો ધીમે ધીમે બધા રંગની છુટછાટ લેવાની શરુઆત થઈ ગઈ.

દરજી તો માત્ર દૃષ્ટાંત રૂપ જ છે, કલિયુગની લોભ-લાલચમાં સપડાયેલા આપણે માનવો ક્યાં એના જેવું જ મનથી સમાધાન નથી કરી લેતા ? શાસ્ત્રો, સંતો

અને ભક્તો તો આપણને સાંકેતિક શબ્દોથી જાગ્રત કરે જ છે. છતાં આપણે જે કરીએ છીએ તે રંગના ધજા પતાકા જાણે પરલોકમાં છે જ નહીં ! કરવાનાં પાપોને આપણે પાપ માનવા પણ તૈયાર થતાં નથી, મનથી જ મનનું સમાધાન કરી લઈએ છીએ.

હવે આપ જ વિચારો કે **"કલિયુગ ક્યાંથી આવ્યો ?"** (મંગલ)

---

# સુખી દાંપત્યજીવનનું રહસ્ય

એક વાર ગરીબ કુટુંબની મહેમાનગતિ માણવાનો લહાવો મળ્યો. યજમાન સ્ત્રીએ ગરમ ખીચડી અને કઢી પીરસ્યાં. પછી પાણીનો લોટો ભરવા બાજુમાં ખસી. મહારાજે જોયું કે એ સ્ત્રીના પગ દોરડી જેવા પાતળા હતા.

મહારાજ : બેન, તમારે પગ નથી.

સ્ત્રી : (પતિ તરફ ઈશારો કરી બોલી) પૂછી જુઓ એમને. કદી કોઈ કામ કરવા દીધું છે. હું ઘરનું બધું જ કામ મારી જાતે કરું છું. માત્ર પાણી જ એમને ભરવું પડે છે.

પતિ : મહારાજ, પૂછી જુઓ એને, કદી એનું મન દુભાવ્યું છે. મેં એને બધે જાત્રા કરાવી છે. પાલિતાણા ગયો ત્યારે ખભે બેસાડી ડુંગર પર લઈ ગયો હતો અને બધે દર્શન કરાવ્યાં હતાં.

બન્નેનો પરસ્પર પ્રેમ જોઈ મહારાજ ખૂબ રાજી થયા. મહારાજે પુરુષને પૂછ્યું, તમે લગ્ન કર્યા ત્યારે આ બાઈ અપંગ છે એમ તમે જાણતા હતા ? પતિએ કહ્યું હા.

મહારાજે કહ્યું, તો પછી જાણી જોઈને શા માટે લગ્ન કર્યું ?

પતિ કહે, એ મારા મોસાળામાં મારા મામાના ઘરની બાજુમાં રહેતી હતી. એનામાં રહેલા સદ્‌ગુણોની મારા મામા-મામી કાયમ પ્રશંસા કરતા. મેં એના સદ્‌ગુણો જોઈ એની સાથે લગ્ન કર્યું. હું જીવીશ ત્યાં સુધી હું તેની સેવા કરીશ. એની બધી ઈચ્છાઓ પૂર્ણ કરીશ.

**સાર :** આ છે સુખી લગ્ન જીવનનું રહસ્ય. લગ્નનો અર્થ થાય છે જોડાઈ જવું. એકબીજામાં એકરૂપ થવું. પ્રેમમાં ઢોળાઈ જવું. માત્ર સુખ મેળવવાની આશા રાખવા કરતાં અમે એકબીજાને સુખી કરીશું, એકબીજાને અનુરૂપ થઈશું એવી ભાવનાથી લગ્ન કરવામાં આવે તો લગ્ન જીવનમાં કદી તિરાડ ન પડે. બંને પક્ષે સ્વાર્પણની ભાવના હોય, જ્યાં લેવાની નહીં પણ આપવાની ભાવના પ્રબળ હોય એવા દંપતીનું લગ્નજીવન જ સુખી નીવડે.

# Dedication to Guruji

On Jan 1, 2012 Shree Krishna Pranami Mandir, Nashville, Tennessee, USA Celebrated the birthday of Acharya Shri 108 Krishnamaniji Maharaj of Shri 5 Navatanpuri Dham, Jamnagar. All the Sundarsath wished for Maharajshri's well being and success in his spiritual awakening of sundarsath by reading a gota parayan and singing bhajans.

Shri Raman Raj Shastriji preached to awaken sundarsathji and also wished a happy and prosperous new year to all. He also spoke on the importance of true spiritual guru Acharya Shri 108 Krishnamaniji Maharaj.

The event was generously sponsored by Sundarsath Vijay P Patel.

On Jan 1, 2012 Shree Krishna Pranami Internet Satsang family & D F W TX Pranami Satsang Samaj celebrated appearance day of our reverend Jagatguru Achaya Shri108 Krishnamaniji Maharaj, present Acharya and spiritual guru of Shri Krishna Pranami Dharma Nijanand Sampradaya. All Sundarsath in this group wished for his good health, longitivity and success by reading Mehersagar 108 times. At Satsang all the sundarsath read Prakat Vani and Tartamsagar, performed Sevapooja- worship with service towards Supreme Aksharateet Shri Krishna Shri Rajji and Shri Shyamaji and sang hymns on importance of true spiritual guru. Shri Raman Raj Shastriji from Shri Krishna Pranami Temple, Tennessee USA played message of Shri 108 Maharajshri's blessings and new year wishes recorded for the group. All devotees felt graced and thankful after listening to the message. The sundarsath of Shree Krishna Pranami Internet satsang are from various countries in middle east, Israel, USA, Dubai, Canada and Nepal.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**કૃષ્ણનગર(જામનગર)ના** સુંદરસાથ તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૧૦૦/ શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**જામનગર :** ધર્મજ્ઞશ્રી હિતેન્દ્રકુમાર પ્રવીણભાઈ પાંભરને ત્યાં તા. ૧૧-૧૨-૨૦૧૧ ના રોજ પુત્રરત્નની પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૦૦૦/ સાહિત્ય સેવામાં પ્રાપ્ત થયા છે. શ્રી રાજશ્યામાજી તેમને નિરામય દીર્ઘાયુષ્ય બક્ષી સર્વ રીતે સંપન્ન બનાવે એવી શુભાશિષ સહ અભિનંદન. હ. શાંતાબેન પાંભર.

**અમેરિકા :** ધર્મજ્ઞશ્રી અશ્વિનભાઈ નાગજીભાઈ સાવલિયાએ નવું નિવાસ સ્થાન ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૦/ ભેટ મલ્યા છે. નવું નિવાસ સ્થાન આપને લાભપ્રદ નિવડે એવી શુભકામના. હ. નરેન્દ્રભાઈ એન. સાવલિયા.

## રૂા. ૫૦૦/

**જામનગર :** ધર્મજ્ઞશ્રી મનસુખભાઈ ધનજીભાઈ સંઘાણી(ટ્રસ્ટીશ્રી ૫ નતનપુરી ધામ) ના સુપુત્ર ચિ. હિરેન અને પુત્રવધૂ દીપ્તિબેનને ત્યાં તા. ૮-૧૧-૨૦૧૧ રોજ પુત્રરત્ન "દક્ષ" ની પ્રાપ્તિ થઈ તેની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે. ચિ. દક્ષને શ્રી રાજશ્યામાજી સદા સુખી રાખી નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરી સર્વ રીતે સંપન્ન બનાવે એવી શુભાશિષ સહ અભિનંદન.

**હરિપર :** ધર્મજ્ઞશ્રી અશોકભાઈ ભગવાનજીભાઈ કોઠિયા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**હર્ષદપુર :** ધર્મજ્ઞા શાંતાબેન દેવશીભાઈ સંઘાણીની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ મળી છે. હ. દેવશીભાઈ આંબાભાઈ સંઘાણી.

**જામનગર(હરિપર) :** ધર્મજ્ઞશ્રી ગોરધનભાઈ રામજીભાઈ મારકણાની સુપુત્રી રીંકલબેન બી. ફાર્મમાં કોલેજમાં ત્રીજા નંબરે ઉત્તીર્ણ થયેલ છે. તેની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી કેતનભાઈ શિવાભાઈ સાંગાણીના શુભલગ્ન નિર્વિઘ્ને પૂર્ણ થયાંની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ મળી છે. નવદંપતિને શ્રી રાજજી મહારાજ સદાય સુખી રાખે એવી શુભકામના. હ. જમકુમા.

**સલાલ :** શ્રી જગદીશકુમાર કાલીદાસ પટેલ અને તેમના ધર્મપત્ની ધર્મિષ્ઠાબેન શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**પ્રાંતિજ :** સુશ્રી વિભા તથા રોનક પટેલ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ. હસ્તે : યશ નરેશ પટેલ.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી કેતનકુમાર સંઘાણીના ચિ. પ્રિયંકા સાથે શુભવિવાહ શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી નિર્વિઘ્ને સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે ભેટ. નવદંપતિને શુભાશિષ.

**લંડન :** શ્રીમતી શોભનાબેન ભાસ્કરભાઈ ભાવસારના સુપુત્ર ચિ. દીપકના શુભલગ્ન

ચિ. પૂનમ ચાંદ કિરણ સાથે તા. ૨૯-૧૦-૨૦૧૧ ના રોજ શ્રી રાજજીની કૃપાથી નિર્વિઘ્ને સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે ભેટ. નવદંપતિને હાર્દિક શુભકામના.

**રાંચી :** સુશ્રી વિમલાકુમારી તરફથી શુભેચ્છા ભેટ.

## રૂા.૨૫૧ /

**વિજયવાડા :** શ્રી કાંતિલાલ મોહનલાલ ભંડેરી તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**વેકરી :** શ્રી મેરામણભાઈ હમીરભાઈ ખોડભાયા તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**જેતપુર :** શ્રી નગાભાઈ લાખાભાઈ સોલંકીની સુપુત્રી ચિ. પાયલના શુભલગ્ન તા. ૨૧-૧૧-૧૧ ના રોજ સારી રીતે સંપન્ન થયાંની ખુશાલી પ્રસંગે ભેટ. નવદંપતિ પર શ્રી રાજશ્યામાજી સદા મહેર રહે એવી શુભકામના.

**અમરેલી :** શ્રી હીરેનભાઈ તેજાભાઈ સભાયા તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**કાલસરી :** ધર્મજ્ઞશ્રી બટુકભાઈ દુદાભાઈ સરધારાની સુપુત્રી શોભનાબેને શ્રી ૫ નવતનપુરી ધામમાં ધજા ચઢાવી તથા પાકી રસોઈ આપી તેની ખુશાલી પ્રસંગે ભેટ. શ્રી ૫ નવતનપુરી ધામમાં ધજા ચઢાવવી એક અનેરું પુણ્ય કાર્ય છે. આપની સૌ મનોકામના શ્રી રાજજીની દયાથી પૂર્ણ થાય એવી શુભકામના.

**નાની વાવડી :** શ્રી ગોવિંદભાઈ જૂઠાભાઈ ચૌહાન તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**અમદાવાદ :** શ્રી પ્રહ્લાદભાઈ ભાનુશંકર રાજગોર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**કચ્છ :** કેશવલાલ પ્રભાત રૂડાણી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ગોતરકા(પાટણ) :** શ્રીમાળી અમૃતલાલ શંકરલાલની મનોકામના શ્રીજીની મહેરથી પૂર્ણ થયાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**સાંગણવા :** શ્રી મનીષભાઈ છગનભાઈ પટોરિયાને ત્યાં કન્યારત્ન પ્રાપ્ત થયાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**ઓરિસ્સા (ડીયોગઢ ) :** શ્રી ભૂપેશભાઈ વાઢેર તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

## રૂા. ૧૫૧/

**વિજયવાડા :** શ્રી કાંતિલાલ મોહનલાલ ભંડેરી તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** સુશ્રી રીચા અશ્વિનભાઈ કોટક લાઈફ ઇન્સ્યોરન્સ કંપનીમાં કાર્યરત થયા તેની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રીમતી કાંતાબેન મગનભાઈ પાઘડારના સુપુત્ર **મયૂરકુમાર**ના જન્મદિવસની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**માંડાસણ :** સુશ્રી પૂનમબેન જમનભાઈ ભંડેરી માંડાસણથી પદયાત્રા કરી નવતનપુરી

ધામના દર્શનાર્થે આવ્યાંની ખુશી પ્રસંગે ભેટ મળી છે. અભિનંદન.

**રાંચી :** શ્રી સંતોષ રતના તરફથી શુભેચ્છા ભેટ.

**ધુળશિયા :** મીતકુમાર લલિતભાઈ વાગડિયાના દશમા જન્મદિન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે. અભિનંદન.

**મોરબી :** શ્રી ચિમનલાલ અરજણભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધુળશિયા :** ચિરાગકુમાર રમેશભાઈ વાગડિયાના જન્મદિન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે. અભિનંદન.

**રૂા. ૧૦૦/**

૧) શ્રીમતી લક્ષ્મીબેન એમ. વાઘેલા-**ખેડા.** ૨) શ્રી આર. બી. રાઠોડ-**ભરૂચ.** ૩) શ્રી દેવાયતભાઈ દેવશીભાઈ કનારા-**ગોકરણ.** ૪) શ્રીમતી ચંદ્રિકાબેન ભીમજીભાઈ-**કાલાવડ.** ૫) ધામવાસી શાંતાબેન મણિભાઈ પટેલ-**ચિખોદરા.** ૬) વિશનજી જેરામભાઈ વાઢેર-**બામરા.** ૭)પ્રફુલ્લભાઈ મોહનભાઈ વાઘેલા-**ખેડા.** ૮) શ્રી ભરતસિંહ ચૌહાણ-

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.***

# ધામગમન

**ગોકુલપુરા :** ધર્મજ્ઞશ્રી નાથાભાઈ કાનાભાઈ સોજીત્રાનું તા. ૨-૧૨-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. એમના આત્મ કલ્યાણાર્થે તારતમ સાગરની અખંડ પારાયણ કરી અને ભોજન-પ્રસાદ કરાવ્યો હતો તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૦/ ભેટ મળી છે.

**અંજાર :** ધર્મજ્ઞશ્રી નરસીભાઈ ટાંકનું ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા.૫૦૦/ ભેટ મળ્યા છે.

**ભાવનગર :** શ્રીમતી ઓતીબેન નારાયણભાઈ કુંભાણીનું ધામગમન તા. ૮-૧૨-૧૧ ના રોજ થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા.૫૦૦/ મળ્યા છે.

**ગોકરણ :** શ્રી ભીખાભાઈ મેંણસીભાઈ કનારાનું તા. ૨૬-૧૧-૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે મંદિરમાં સાપ્તાહિક પારાયણ કરી, રાજભોગ લગાવ્યો તે નિમિત્તે ભેટ.

**જામનગર :** શ્રી શાંતાબેન માધવજીભાઈ વડગામાનું તા. ૨૮-૧૧-૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે મંદિરમાં સંતોને પાકી રસોઈ આપી તથા પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ મળ્યા છે.

**મેંદરડા :** શ્રી ગોવિંદભાઈ માલદેભાઈ સોલંકીનું તા. ૨૭-૧૨-૧૧ ના રોજ ધામગમન થયું છે. તેમની પાવન સ્મૃતિમાં સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ મળ્યા છે. હ. કિશોરભાઈ અને હરેશભાઈ સોલંકી.

**મોડાસા :** શ્રી કુબેરભાઈ સવાભાઈ વણકર "શાયર" નું તા. ૨૧-૧૦-૧૧ ના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૦/ ભેટ મળી છે.

**હરિપર :** શ્રી મનજીભાઈ વીરજીભાઈ ટીંબડિયાનું તા. ૧૩-૧૨-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના પરિવારમાં કોઈ ન હોવાથી ચાર સુંદરસાથે મળી પારાયણ તથા ભોજન-પ્રસાદનું આયોજન ગતાત્માની પાવન સ્મૃતિમાં કરી પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ મોકલ્યા છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

---

# ગૌશાળા

## એક ગાયની સેવા રૂા. ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથજી.

**પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના જન્મદિનની ખુશાલી પ્રસંગે તેમના ગૌ-પ્રેમના વિચારોને મૂર્તિમંત કરવા નીચેના સુંદરસાથજી તરફથી એક ગાયનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.**

૧) શ્રીમતી દિશાબેન જતિનભાઈ પીપળિયા-**રાજકોટ.**
હસ્તે : મનીષાબેન પરેશભાઈ કોરાટ.

૨) ચિ. કુણાલકુમાર પરેશભાઈ કોરાટ-**રાજકોટ.**
હસ્તે : પરેશભાઈ લાલજીભાઈ કોરાટ-રાજકોટ.

૩) શ્રી નિનાદભાઈ જગદીશભાઈ પટેલ-**રાજકોટ.**

૪) ધામવાસી જશીબેન કાંતિલાલ પટેલ-**આમોદરા.** હસ્તે કાંતિલાલ વેણાભાઈ પટેલ.

૫) ધામવાસી મોહનલાલ ટપુભાઈ મુંગરા-**જામનગર.** હસ્તે : શ્રીમતી પ્રભાબેન મુંગરા.

૬) ધામવાસી માયાભાઈ મેરૂભાઈ બાંભવા. હસ્તે : ભગીરથસિંહ વાળા. - કાનાલુશ

૭) નેપાળ થી આવેલા ધર્મ પ્રચારક મંડળ-**નેપાલ.**

૮) શ્રી અમરસિંહ સોઢા પરમાર-**અમદાવાદ.**

૯) શ્રી દિનેશભાઈ પંચાલ-**અમદાવાદ.**

૧૦) ધામવાસી રાજેન્દ્રસિંહ કાળુભાઈ વારા-**કાનાલુશ**

**લીલો સૂકો ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથજી**

રૂ.**૫૦૦૦**/ શ્રી અશોકભાઈ ભગવાનજીભાઈ-**હરિપર.**

રૂ.**૨૫૦૦**/ શ્રી કાંતિભાઈ મોહનભાઈ સિદ્ધપુરા-**હર્ષદપુર.**

રૂ.**૨૫૦૦**/ સુશ્રી જ્યોતિબેન ચેતનકુમાર શેઠ-**મુંબઈ.**

રૂ.**૨૫૦૦**/ શ્રી કેશવલાલ પ્રભાતભાઈ રૂડાણી-**કચ્છ.**

રૂ.**૨૬૦૧**/ ધામવાસી પાંચાભાઈ લાલજીભાઈ બુમતારિયા-**નાનીવાવડી.**

- **હરિપર** નિવાસી મોહનભાઈ વિરજીભાઈ સંઘાણી તરફથી મંદિરની ગૌશાળામાં મગફળીનો ભૂકો એક ખટારો અને એક ટ્રેક્ટર મળેલ છે.

**તા. ૧-૧-૨૦૧૨ ના દિવસે જાહેર થયેલી અન્ય સેવા.**

રૂ.**૨૫,૦૦૦**/ પ્રણામી એજ્યુકેશન એલ. એલ. પી. માં ડિપોઝીટ.

શ્રીમતી દયાબેન નરસીભાઈ હાપલિયા-**રાજકોટ.**

રૂ.**૨૫૦૦૦**/ પ્રણામી એજ્યુકેશન એલ. એલ. પી. માં ડિપોઝીટ

ધામવાસી ભૂપતસંગ રવાજીભાઈ વાળા. હસ્તે : રમાબેન વાળા-**કાનાલુશ.**

સુશ્રી ઈલાબેન અરવિંદભાઈ પટેલ(સંદેશર-આણંદ) હાલ **શિકાગો** તરફથી રૂ.૨૦૦ ડોલરની સેવા મળી છે.

શ્રી ભગવાનભાઈ લવજીભાઈ ચોવટિયા-**જામનગર** તરફથી માનવ સેવા પ્રકલ્પમાં રૂ. **૫૦૦૦**/ મળ્યા છે.

શ્રી શૈલેષભાઈ એચ. ભદ્રા-**જામનગર** તરફથી માનવ સેવા પ્રકલ્પ માં રૂ.**૫૦૦૦**/ મળ્યા છે.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

---

# ડિસેમ્બર મહિનાની પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧) | શ્રી ગોબરભાઈ અરજણભાઈ સાવલિયા | જામનગર |
| ૦૨) | ધા.વા. દેવજીભાઈ નથ્થુભાઈ સંઘાણી | ઠેબા |
| ૦૩) | ચિ. શ્રીલ અશોકભાઈ પટેલ | સુંદલપુરા |
| ૦૪) | ધા.વા. બાબુલાલ ખેતશીભાઈ કોટક તથા ધા.વા. મુક્તાબેન બાબુલાલ કોટક હસ્તે શ્રી અશ્વિનભાઈ બાબુલાલ કોટક | વાંકાનેર |

| | | |
|---|---|---|
| ૦૫) | શ્રીકાંતિભાઈ મોહનભાઈ સિદ્ધપુરા | હર્ષદપુર(યુ.કે.) |
| ૦૬) | શ્રી મથુરભાઈ ઉકાભાઈ ફાચરા | ધુડશિયા |
| ૦૭) | ડૉ. ભાઈલાલભાઈ જેઠાભાઈ પટેલ | ગાબટ |
| ૦૮) | ધા.વા. શાંતાબેન માધવજીભાઈ વડગામા | જામનગર |
| ૦૯) | ધા.વા. નાથાભાઈ કાનજીભાઈ સોરઠિયા | ગોકુલપુરા |
| ૧૦) | ધા.વા. દમયંતીબેન જાદવજીભાઈ માણેક | મુંબઈ |
| ૧૧) | ધા.વા. શાંતાબેન મણિલાલ પટેલ | ચિખોદરા |
| ૧૨) | ડૉ. પ્રવીણભાઈ સી. પરીખ | મુંબઈ |
| ૧૩) | ધા.વા. જમનાદાસ પી. ઠક્કર | મુંબઈ |
| ૧૪) | શ્રી કમલેશભાઈ રણછોડભાઈ ચોવટિયા | વડોદરા |
| ૧૫) | ચિ. કુ. દેવિકાબેન રજનીકાંતભાઈ ભંડેરી | અમદાવાદ(યુ.કે.) |
| ૧૬) | શ્રીમતી સુશીલાબેન ગોપાલભાઈ પટેલ | સલાલ(યુ.એસ. એ) |
| ૧૭) | ધા.વા. નર્મદાબેન ચીમનભાઈ પટેલ | મોરબી |
| ૧૮) | શ્રી દેવાંશભાઈ મહેશભાઈ પંચમતીયા | મુંબઈ |
| ૧૯) | ધા.વા. નારણભાઈ હીરાભાઈ ગુંદાસરા | હરિપર |
| ૨૦) | બ્રહ્મલીન બાવાજી શ્રી લક્ષ્મીદાસજી મહારાજ | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૨૧) | ચિ. યશ નરેશ રમણભાઈ પટેલ | આમોદરા(યુ. એસ. એ.) |
| ૨૨) | ધા.વા. રંભાબેન ખોડાભાઈ સાવલિયા | અલિયાબાડા |
| ૨૩) | શ્રી હરિશંકર શ્રેષ્ઠ | કાઠમાડૌં(નેપાલ) |
| ૨૪) | નેપાલથી આવેલ ધર્મ પ્રચારક મંડળ તથા નેપાલવાસી સુંદરસાથ | નેપાલ |
| ૨૫) | શ્રી રમણિકભાઈ મૂળજીભાઈ દુધાગરા | ધ્રોલ |
| ૨૬) | ધા.વા. ભોવાનભાઈ મેઘજીભાઈ તાળા | છત્તર |
| ૨૭) | શ્રી જયદીપ પ્રણામી | મુંબઈ |
| ૨૮) | શ્રી મોહનલાલ હરજીભાઈ પેન્ટર | અંજાર |
| ૨૯) | શ્રી વલ્લભભાઈ મોહનભાઈ પાનસુરિયા | મોટી મેંગણી |
| ૩૦) | શ્રી રાજ પ્રીતેશભાઈ ચૌહાણ | અંજાર |



जाम्बुआ (दाहोद) में नलवाया परिवार द्वारा आयोजित स्मृति महोत्सवके दृश्य ।



श्री कृष्ण प्रणामी मन्दिर गणदेवीका उद्घाटन एवं पूजा पधरावनी महोत्सवपर आयोजित
श्री तारतम सागरके पञ्चदिवसीय १०८ पारायणका शुभारंभ एवं आशीर्वाद प्रदान करते
हुए परम पूज्य आचार्य महाराजश्री एवं उपस्थित शीर्षस्थ गुरुजन ।



साहियापुर ( सा.कां ) निवासी धर्मपरायण श्री डाह्याबापा एवं परिवार द्वारा
धामवासी माताजी डाहीबहनकी स्मृतिमें आयोजित परायणके दृश्य ।

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011




केन्द्र सरकार द्वारा प्रस्तावित सामुदायिक एवं लक्षित हिंसा रोकथाम विधेयकके प्रतिकारके लिए भारतीय संस्कृति सभा द्वारा दिल्लीमें आयोजित शीर्षस्थ सन्त सम्मेलनके दृश्य ।




जामनगरमें आयोजित सद्भावना मिशनके अवसर पर गुजरातके माननीय मुख्यमन्त्री श्री नरेन्द्रभाई मोदीको उत्तरीय वस्त्र ओढ़ाकर श्री ५ नवतनपुरी धामके आशीर्वाद प्रदान करते हुए स्वामी लक्ष्मण चैतन्य ।






श्री ५ नवतनपुरी धाममें दिनांक २७ से ३१ दिसम्बर २०११ पर्यन्त आयोजित श्री कृष्ण प्रणामी धर्म प्रचारक गोष्ठीमें चरचा करते हुए परम पूज्य आचार्य महाराजश्री एवं उपस्थित संत विद्वद्जन ।




परम पूज्य आचार्य महाराजश्रीके प्राकट्योत्सवके पुनित अवसर
दिनांक १-१-२०१२ पर श्री ५ नवतनपुरी धाममें आयोजित रक्तदान केम्प ।

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)